MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૮-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૮ + ૨

2 કોરોના વાયરસને લઈને અફવાઓ પર ધ્યાન ના આપશોઃ મોદી

3 યસ બેન્કનું ડૂબવું એ સરકારના ગેરવહીવટનું પરિણામઃ પી.ચિદમ્બરમ્

6 વિશ્વ મહિલા દીને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી નર્મદા જિલ્લાની આદિવાસી દિકરી

7 પાલેજ પોલીસ સ્ટેશન વિસ્તારના બંધ મકાનમાંથી હોળી ધુળેટીના તહેવાર પૂર્વે ૭.૮૮લાખનો વિદેશી દારુ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(ડુપ્લિકેટ ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO







ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ઓફીસ એડ્રેસ
ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ વ્યાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૧૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦૦ની ડાઉન લાઈન વ્યાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પાછીના બાકીના મહિનામાં દર મહિને ૧૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦૦ની ડાઉન લાઈન વ્યાય તો ૨૫૦૦૦૦૦ હાર્ડસ ફંડ વન ટાઈમ તથા ૧૦૦૦૦૦૦ પેન્શન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)



નર્સિંગ એસોસિએશન દ્વારા આ વખતે કોરોના વાયરસના કારણે વિશ્વ મહિલા દિન સંદર્ભે આયોજિત મહિલા સન્માન સમારંભ મોકૂફ રખાયો છે. નવી સિવિલમાં કાર્યરત હ્યુમન મિલ્ક ડોનેટ બેંકમાં સૌથી વધુ વખત હ્યુમન મિલ્ક ડોનેટ કરનાર શ્રીમતી રૂપાલી યોગેશ સોનવણે સાદગીપૂર્ણ રીતે સન્માન કરવામાં આવ્યું હતું.

ઉધનામાં રોડ પર પાર્ક કરાયેલી કારને લોક કરી દેવાતા હોબાળો

કન્ટ્રોલ રૂમને ફોન કરાતા પીસીઆર વાન દોડી આવી

સુરત

ઉધના જીવનજ્યોત સર્કલ નજીક ફોર વ્હીલ કારને ટ્રાફિક પોલીસ દ્વારા લોક મારવામાં આવ્યો હતો. નો પાર્કિંગ વિસ્તારમાં કાર ઉભી હોવાથી લોક મારીને પોલીસની ગાડી જઈ રહી હતી. આ દરમિયાન સ્થાનિકોએ વિરોધ નોંધાવ્યો હતો. પોલીસ અને સ્થાનિકો આમને સામને આવી ગયાં હતાં. યશ શોપિંગ સેન્ટરના દુકાનદારો અને સ્થાનિકોએ વિરોધ કરી હોબાળો મચાવ્યો હતો. સ્થાનિકોએ કહ્યું હતું કે, નો પાર્કિંગના નામે વેપારીઓ અને લોકોને પરેશાન કરવા માટે અવારનવાર ટુ વ્હીલ ગાડીઓ ક્રેઈનમાં ઉઠાવી જવામાં આવે છે સાથો સાથ કાર જેવી ગાડીઓને લોક મારી દઈને દંડ ફટકારીને લોકોને ડરાવવામાં આવી રહ્યાં છે.

ટ્રાફિક પોલીસના જણાવ્યુ હતું કે,ટ્રાફિકને અડચણ રૂપ કાર પાર્ક કરાઈ હતી. પેટ્રોલિંગ દરમિયાન ધ્યાને આવતા લોક મારવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન શોપિંગ કોમ્પ્લેક્ષના વેપારીઓએ વિરોધ નોંધાવવા આવ્યા હતા કે, કોઈ સૂચના કે પટા રોડ પર નથી તો કેમ લોક કરો છો આ બાબાતે વિવાદ થયો હતો અને કંટ્રોલમાં ફોન કરી પીસીઆર વાન બોલાવવી પડી હતી. જોકે ત્યારબાદ રોડ પર સફેદ પટા માર્યા બાદ કોઈ વેપારી પોતાની કાર પાર્ક નહિ કરે એવી બાયંધરી આપતા મામલો થાળે પડ્યો હતો. ટ્રાફિક પોલીસ આગામી દિવસોમાં કાર પાર્કિંગ માટે રોડ પર સફેદ પટા મારવાનું કામ કરશે અને ત્યારબાદ કોઈ કાર પટા બહાર દેખાશે તો નિયમ મુજબ કાર્યવાહી કરશે.

ધૂળેટી સુધી વાતાવરણમાં ઠંડીની અસર યથાવત રહેશે

ધૂળેટીના તહેવાર પછી આકરો ઉનાળો શરૂ થશે

સુરત

ગતરોજ શુક્રવારે દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ બાદ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. આજે સવારથી ચોખ્ખા વાતાવરણમાં તડકો નીકળ્યો છે. જ્યારે આવતીકાલથી ફરી બે દિવસ વાદળછાયુ વાતાવરણ રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજ સવારે કમોસમી વરસાદ બાદ ઠંડો પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. આજે સવારથી આકાશ ચોખ્ખુ દેખાય છે અને પવનની ગતિ પણ વધારે છે.

આવતીકાલે વાદળછાયુ વાતાવરણ રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આગામી બે દિવસ સુધી શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગરમીનું પ્રમાણ ઓછુ રહે તેવી શક્યતા છે. હોળી ધૂળેટી બાદ ગરમી વધે તેવી શક્યતા છે.

અડાજણ સ્થિત ભક્તિ ગ્રુપની ઓફિસમાં ઘૂસી લેણદારોએ મચાવેલો હોબાળો

સુરત

પાલ-અડાજણની ક્લબ સહિત આઠેક જેટલા પ્રોજેક્ટો ધરાવતા ભક્તિ ગ્રુપની ઓફિસે લેણદારોએ ધામા નાંખ્યા હોવાનો વીડિયો ફરતા થઈ જતા આ ભક્તિ ગ્રુપ અંગે સુરત શહેરના બાંધકામ ક્ષેત્રે તરેહ તરેહની વાતો ચર્ચાતી જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસથી ભક્તિ ગ્રુપની અડાજણ સ્થિત ઓફિસે લેણદારોએ પૈસાની ઉઘરાણી માટે તેમજ પ્રોજેક્ટરમાં બુકિંગ કરાવનારાઓએ તકાજો શરૂ કરી દીધો છે. હાલ ભયંકર મંદીના માહોલમાં બાંધકામ ઉદ્યોગને ભારે ફટકો પડ્યો છે. થોકબંધ ફ્લેટો-પ્રોજેક્ટો તૈયાર છે. પરંતુ કોઈ લેવાલ નથી. જેને કારણે જે તે પ્રોજેક્ટરમાં રોકાણ કરનારા અથવા બુકિંગ કરનારાના રૂપિયા સલવાય રહ્યા છે. ખરીદનારાનું રોટેશન નહીં જળવાતા કેટલાક પ્રોજેક્ટો તેની સમર્યમર્યાદા કરતા વધુ સમયથી કામકાજ ઉપર અસર થતા પ્રોજેક્ટમાં રોકાણ કરનારાના શ્વાસ અધ્ધર થઈ ગયા છે.

આવા જ ભક્તિ ગ્રુપના પ્રોજેક્ટમાં રોકાણ કરનારા કે બુકિંગ કરાવનારા લાંબા સમયથી પ્રોજેક્ટ પૂણ થવાની આશાએ બેઠા હતા. પરંતુ પ્રોજેક્ટના કામો પૂર્ણ થતા ન હોવાથી આવા લોકોએ ભક્તિ ગ્રુપની ઓફિસે ધસી જઈ અડીંગો જમાવી ઉઘરાણી શરૂ કરી દીધી હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થઈ ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ બાંધકામ ક્ષેત્રમાં ભક્તિ ગ્રુપ પ્રતિષ્ઠિત નામના ધરાવે છે અને સંખ્યાબંધ પ્રોજેક્ટો ભૂતકાળમાં આ ગ્રુપ દ્વારા સફળતા પૂર્વક પાર પાડવામાં આવ્યા છે. અલબત્ત હાલ મંદીના માહોલમાં પરિસ્થિતિ પ્રતિકુળ બની જતા ભક્તિ ગ્રુપ અંગે બજારમાં તરેહ તરેહની ચર્ચા ચાલી રહી હોવાથી રોકાણકારોમાં અવિશ્વાસનો માહોલ સર્જાયો છે.

પરવત ગામમાં એક સાથે પાંચ સ્થળે ચોરી

લીંબાયત પરવત ગામ સીલીકોન ફ્લેટમાં આવેલ પાંચ દુકાનોના શટરો તૂટતા લીંબાયત પોલીસ દોડતી થઈ ગઈ હતી. લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગત તા.૫મીની રાત્રિ સમય દરમિયાન અજાણ્યા તસ્કરોએ સીલીકોન ફ્લેટમાં આવેલ આઈસ્ક્રીમની દુકાન, ગજાનંદ ડેન્ટલ દવાખાનું, મારૂતિ પાન પાર્લર, રાજભોગ આઈસ્ક્રીમ નામની પાંચ દુકાનના શટર ઊંચા કરી રૂા.૧૮૩૦૦ની મતા ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે પારસરામ જીતમલજી કુમાવતે ફરિયાદ નોંધાવી હતી.

કોરોના વાયરસના કારણે

નર્સિંગ એસો. દ્વારા આયોજિત મહિલા સન્માન કાર્યક્રમ મોકૂફ

મહિલા દિનની ઉજવણી હવે પછી કરાશે

સુરત

નર્સિંગ એશોસિએશનના અગ્રણી ઈકબાલ કડીવાલાનું અખબારી યાદીમાં જણાવવાનું કે એસોસિએશન દ્વારા છેલ્લા ૨૬ વર્ષથી મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. કોરોના વાઈરસને કારણે મહિલા દિવસનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવેલ હતો. પ્રતિક રૂપે પ્રથમ હ્યુમન મિલ્ક દાતા સિવિલ હોસ્પિટલની સ્ટાફ નર્સ નિલમ પંડ્યા અને લીંબાયત ખાતે રહેતી રૂપાલી યોગેશ સોનવણે કે જેઓએ ૧૪ દિવસમાં ૭૩૨૦ એમ. એલ. હ્યુમન મિલ્કનું દાન કર્યું. આજના યુગની સૌથી વધુ મિલ્ક દાન કરનાર રૂપાલીનું પ્રતિક રૂપે પ્રમાણપત્ર આપી બાળરોગ વિભાગના વડા ડૉ. વિજયભાઈ શાહ તથા ડૉ. વૈશાલીબેન, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા નર્સિંગ એસો.ના કિરણ દોમડીયા, દિનેશ અગ્રવાલ તથા એમઆઈસીયુ વિભાગના નર્સિંગ સ્ટાફની ટીમે પ્રતિક રૂપે બંને મહિલાઓનું બહુમાન કર્યું હતું.

પુરવઠા નિગમ સુરત તા. ૧૬મીથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરાશે

સરકાર રૂ. ૧૯૨૫ પ્રતિ ક્વિન્ટલના લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉં ખરીદશે

સુરત

રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૦-૨૧ અંતર્ગત ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ સુરત દ્વારા આગામી તા.૧૬/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૫/૨૦૨૦ દરમિયાન જિલ્લાના બારડોલી, કડોદરા, કિમ, મઢી, મહુવા, માંડવી, માંગરોળ (કોસંબા), નવાગામ, ઓલપાડ જેટલા એ.પી.એમ.સી.ખરીદ કેન્દ્રો / ગોડાઉન કેન્દ્રો તથા તાપી જિલ્લાના કુકરમુંડા, સોનગઢ, વાલોડ, વ્યારા, ઉચ્છલ ખાતેના એ.પી.એમ.સી ખરીદ કેન્દ્રો/ ગોડાઉન કેન્દ્રો કરવામાં આવનાર છે. ભારત સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ ઘઉં માટે ૧૯૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નિયત કરવામાં આવ્યા છે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉં વેચાણ કરવા ઈચ્છતા ખેડુતોની ઓનલાઈન નોંધણી સંબંધિત એ.પી.એમ.સી./નિગમના ગોડાઉન કેન્દ્રોથી શરૂ કરવામાં આવી છે જે તા.૩૧/૩/૨૦૨૦ સુધી કરાવી શકાશે. જેથી તમામ ખેડુતોએ નોંધણી કરાવી લેવા નાગરિક પુરવઠા નિગમના નાયબ જિલ્લા મેનેજર દ્વારા જણાવાયું છે.

તા.૮ માર્ચ આંતરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સન્માન સમારંભ

રવિવારે સાંજે પરફોર્મિંગ આર્ટ સેન્ટરમાં કાર્યક્રમ યોજાશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠનની ભાવનાની જ્યોત પ્રબળ બને તે હેતુથી તા.૦૮/૦૩/૨૦૨૦ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે મહિલા સાંસદશ્રી, મહિલા ધારાસભ્યશ્રી, મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ, અગ્રગણ્ય તથા પ્રતિષ્ઠિત મહિલાઓ, સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલા, મહિલા પત્રકારો, મહાનગરપાલિકાના મહિલા અધિકારીશ્રી તથા કર્મચારીશ્રી વિગેરેના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે શહેરના નગરજનોને ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા નિમંત્રણ પાઠવે છે.

૧૦ માર્ચે વાતાવરણમાં ફરીથી પલટો આવવાના એંધાણ, ખેડૂતો ચિંતામાં

દ્વારકા

રાજ્યના ખેડૂતો માટે ફરી એકવખત માઠા સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં એક બાજુ ચોમાસું જવાનું નામ લઈ રહ્યું નથી અને ઉનાળા બેસતો નથી તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ફરી વરસાદ પડવાના એંધાણ સર્જાયા છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૧૦ માર્ચે રાજ્યના કેટલાક જિલ્લાઓ અને તાલુકામાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે.

હવામાન વિભાગના મતે ગુજરાતના વાતાવરણમાં ફરીથી પલટો આવવાના એંધાણ સર્જાયા છે જેના કારણે ૧૦ માર્ચે કમોસમી વરસાદ પડશે. ગુજરાતના બનાસકાંઠા, દ્વારકા, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો આવવાની શક્યતા દેખાડી છે. દક્ષિણ પાકિસ્તાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે ત્યારે તેની સીધી અસર ગુજરાતમાં પડી રહી છે. દક્ષિણ પાકિસ્તાનમાં ફરીથી સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે જેના કારણે હવામાન વિભાગે ૧૦ માર્ચના કમોસમી વરસાદની સંભાવના સેવી છે. રાજ્યના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા સહિત આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે.

વરેલીમાં ગેસનો બાટલો ફાટતા ત્રણ બાળકો સહિત પાંચ દાઝી ગયા



દુર્ઘટનામાં દાઝી ગયેલા તમામને સિવિલમાં દાખલ કરાયા

સુરત

કડોદરા વરેલી તળાવ નજીક આવેલા કુબેર પેલેસમાં આજે વહેલી સવારે ગેસ બોટલ બ્લાસ્ટ બાદ એક જ પરિવારના ૩ માસૂમ બાળક, એક મહિલા સહિત ૫ જણા ગંભીર રીતે દાઝી ગયા હોવાનું બહાર આવ્યું છે. ઘટનાની જાણ બાદ તમામ ને ૧૦૮ની કડોદરા અને પલસાણા લોકેશની એમ્બ્યુલન્સમાં નવી સિવિલ ખસેડાયા હતા. ગેસ પર ચા બનાવવા દીવાસળી સળગાવતા જ જોરદાર બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળતા દુર્ઘટના સર્જાય હોવાનું બહાર આવ્યું છે. હાલ તમામની હાલત સાધારણ હોવાનું તબીબો કહી રહ્યા છે.

સોનુ મીઠીલેશકુમાર યાદવ (ઉ.વ.આ.૨૨)રહે કુબેર પેલેસ વરેલી, આશાદેવી રાજેન્દ્રરાય યાદવ (ઉ.વ.આ.૨૮), લવકુશ રાજેન્દ્રકુમાર (ઉ.વ.આ.૬), મિથુન (ઉ.વ.આ.૩), કૃણાલ (ઉ.વ.આ.૮ વર્ષ)ને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

મૂળ બિહારના રહેવાસીઓમાં આશાબેન દોરા કટીંગનું કામ કરે છે. સોનું સેન્ટર મશીન ઓપરેટર છે. બ્લાસ્ટના પગલે આશાબેન ૬૫ ટકા,લવકુશ ૩૩ ટકા,મિથુન ૪૫ ટકા,કૃણાલ ૬૦ ટકા અનેસોનુ ૫૦ ટકા દાઝી ગયો હોવાનું તબીબે અભિપ્રાય આપ્યો હતો.

બે પુત્રો સાથે નીકળેલા પિતાની બાઈક ટ્રકે ઉડાવી દીધી: એક દિકરાનું મોત

સુરત

કડોદરા હાઈ વે પર ટ્રક અને બાઈકની વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની અડફેટે ચડેલા અને બાઈકમાં જતાં પિતા-પુત્રની અડફેટે ચડેલા બે પુત્રો અને પિતા પૈકી એક પુત્રનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં પિતાને સામાન્ય ઈજા અને બીજા પુત્રનો ચમત્કારિક બચાવ થયો હતો.

મોહનસિંગ પરમાર બે પુત્રોને બાઈક નંબર (જીજે ૫ ઈડબલ્યુ ૪૬૧૨) પર લઈ ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે કાળમુખી ટ્રક નંબર (જીજે ૧૫ ઝેડ ૧૧૬૧)ની અડફેટે આવી ગયાં હતાં. મધરાત્રે થયેલા આ અકસ્માત બાદ બે પુત્રો અને પિતાને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ની મદદથી સુરત સિવિલ હોલ્ખિટલ લવાયા હતા. જ્યાં ૧૨ વર્ષના પ્રવીણ ને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. જ્યારે અકસ્માતમાં પિતાને સામાન્ય ઈજા અને બીજા પુત્રનો ચમત્કારિક બચાવ થયો હતો. મોહનસિંગ રાજસ્થાન ઉદયપૂરના રહેવાસી અને કાપડ માર્કેટમાં સાડી કટિંગના કામ સાથે સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે.પ્રવીણની ઉમર ૫ વર્ષ છે અને જુનિયર કેજીમાં અભ્યાસ કરે છે તેનું મોત નીપજ્યું હતું જ્યારે બીજા પુત્ર દિનેશ ઉ.વ. ૪નો ચમત્કારિક બચાવ થયો છે.

વલસાડ જિલ્લાના ત્રણ વેપારીઓ સામે એફએસએ એકટ હેઠળ કાર્યવાહી

વલસાડ : વલસાડ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા માહે ફેબ્રુઆરી-૨૦૨૦ માસ દરમિયાન વિવિધ સ્થળોએથી લેવાયેલા ૪૦ નમૂનાઓ અને અગાઉના બાકી ૧૯ નમૂઓની લેબોરેટરી ચકાસણી દરમિયાન મળેલા અહેવાલમાં ૩૭ નમૂનાઓ પાસ અને ત્રણ નમૂનાઓ નાપાસ જાહેર થવા પામ્યામ છે.

નાપાસ થયેલા નમૂનાઓમાં એવન્યુ સુપરમાર્ટ લી. (ડી-માર્ટ), અતુલ રોડ, વશીયર પાસેથી લીધેલા સોફ મુખવાસ ઈ.ટી.એમ.આઈ. પેકનો નમૂઓ મીસબ્રાન્ડે ડ, વિનાયક કિરાણા સ્ટોર્સ, નાનાપોંઢા પાસેથી લીધેલા કરમચંદ પ્રીમીયમ બ્રાન્ડ પાન મસાલાનું પેક મીસબ્રાન્ડેનડ તેમજ મે.આશાપુરા સુપર સ્ટોથર, શાંતિ કો.ઓ. હા.સો., દુ.નં.૨૧-૨૨, જીઆઈડીસી કોલોની, ઉમરગામ પાસેથી લીધેલા શ્રદ્ધા સ્પે ફાસ્ટ ફલોર ૫૦૦ ગ્રામ પેક પાઉચનો નમૂનો સબસ્ટા ન્ડાર્ડ અને મીસબ્રાન્ડેડ જાહેર થયા હતા. જેમની સામે એફ.એસ.એ. એકટબ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card • Brochure
(School & Commercial) • Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing
& Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૮-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

યસ બેન્ક ખાતાધારકોના નાણાં સુરક્ષિત,ગભરાવાની જરૂર નથીઃ રજનીશ કુમાર

SBI બનશે સંકટમોચકઃ યશ બેંકમાં ૨૪૫૦ કરોડનું રોકાણ કરશે

એસબીઆઈ યસ બેન્કનો ૪૯ ટકા હિસ્સો ખરીદશે, બેન્કને કુલ ૨૦,૦૦૦ કરોડની જરૂર,શેર ધારકોના હિત સાથે સમાધાન નહીં કરવામાં આવે

મુંબઇ

ખાનગી ક્ષેત્રની યસ બેંક આર્થિક સંકટમાં સપડાતા ખાતાધારકોમાં હાહાકાર મચી ગયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ યસ બેંક પર એક મહિનાના નિયંત્રણો લાદી દીધા છે તેમજ બેંકમાંથી રોકડ ઉપાડ મર્યાદીત કરી દીધું છે. જો કે આ તમામ ચિંતા વચ્ચે બેંકના ખાતાધારકો માટે રાહતના સમાચાર આવ્યા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને યસ બેંકને ઉગારવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ માટે એસબીઆઈએ એક યોજના બનાવી છે જે અંતર્ગત તે યસ બેંકનો ૪૯ ટકા હિસ્સો ખરીદશે. રજનીશ કુમારે કહ્યું કે હાલ યસ બેંકને ૨૦૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. હાલ તેમાં રૂપિયા ૨૪૫૦ કરોડનું રોકાણ કરવાની એસબીઆઈએ યોજના બનાવી છે. એસબીઆઈના ચેરમેન રજનીશ કુમારે પણ જણાવ્યું છે કે હાલમાં યસ બેંકના ખાતા ધારકોના નાણાં સુરક્ષિત છે અને કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી.



રજનીશ કુમારે એસબીઆઈની રોકાણ યોજનાને વિસ્તારથી જણાવતા કહ્યું કે રોકાણ પ્લાન પર વિચાર કર્યા બાદ અમે ૯મી માર્ચના રોજ ફરીથી રિઝર્વ બેંકની પાસે જઈશું. એસબીઆઈની લીગર ટીમ તેમજ ઈન્વેસ્ટમેન્ટ ટીમે સાથે મળીને ડ્રાફ્ટ યોજના તૈયાર કરી છે. રજનીશ કુમારના મતે ડ્રાફ્ટ યોજના જોયા બાદ અન્ય સક્ષમ રોકાણકારોએ પણ અમારો સંપર્ક કર્યો છે. યસ બેંકના શેરધારકોના હિત સાથે બિલકુલ સમાધાન નહીં કરવામાં આવે.

પ્રવર્તમાન સમયે બેંકના ખાતાધારકોને મહિને ફક્ત રૂ. ૫૦ હજાર ઉપાડવાની છૂટ આપવામાં આવી છે. આરબીઆઈ દ્વારા મોરેટોરિયમ પીરિયડ લાગુ કરાયો હોવાથી ખાતાધારકો માટે આ સમસ્યા કામચલાઉ છે તેમ એસબીઆઈ ચેરમેને જણાવ્યું હતું. નાણાં ઉપાડવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા છે તેને લઈને તેમણે કહ્યું કે આનાથી લોકોને મુશ્કેલી જરૂર પડે છે પરંતુ કોઈએ ગભરાવાની જરૂર નથી.

યસ બેંક સંકટ પર કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે યસ બેંકના ગ્રાહકોને વિશ્વાસ આપ્યો હતો. તેમણે કહ્યું કે, અમે ખાતાધારકોના પૈસા ડૂબવા નહી દઈએ. ગ્રાહકોના પૈસા સુરક્ષિત છે. ગ્રાહકોને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. રિઝર્વ બેંકના અધિકારીઓ સમાધાન કાઢવા માટે મહેનત કરી રહ્યા છીએ. આરબીઆઈએ પ્રાઈવેટ

અનુસંધાન પાના નં. ૫

કપૂર વિરુદ્ધ ઈડીએ મની લોન્ડ્રિંગનો કેસ નોંધ્યો

પૂર્વ ચેરમેન રાણા કપૂરના નિવાસસ્થાને દરોડાઃ ઈડીએ પૂછપરછ કરી

સંકટમાં મુકાયેલી યસ બેંકના પૂર્વ ચેરમેન અને સ્થાપક રાણા કપૂરના નિવાસ સ્થાન પર ગઈકાલે રાતે ઈડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા બાદ આજે પૂછપરછ માટે રાણા કપૂરને ઈડીની ઓફિસમાં લાવવામાં આવ્યા છે જ્યાં તેમની પૂછપરછ કરવામાં આવી હતી. ઈડીએ રાણા કપૂર સામે મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો છે.

આ પહેલા રાણાની તેમના ઘરે પણ પૂછપરછ કરવામાં આવી હતી.અધિકારીઓનુ કહેવુ છે કે, તેમની સામે મની લોન્ડરિંગના મામલાની તપાસના સંદર્ભમાં પૂછપરછ કરવામાં આવી હતી. દરોડા પાડવા પાછળનો હેતુ પૂરાવા એકઠા કરવાનો હતો.

અનુસંધાન પાના નં. ૫

જયા પ્રદા વિરુદ્ધ આચારસંહિતા ભંગ મામલે કોર્ટનું બિનજામીનપાત્ર વોરંટ ઇશ્યૂ

રામપુર

રામપુર કોર્ટ દ્વારા ફિલ્મ અભિનેત્રી અને ભારતીય જનતા પાર્ટીનાં નેતા જયા પ્રદા સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરાયું છે. જયા પ્રદા વિરુદ્ધ આચારસંહિતાનાં ભંગનાં કેસમાં વોરંટ જારી કરાયું છે. આ કેસમાં આગામી સુનાવણી ૨૦ એપ્રિલે થવાની છે. જયા પ્રદા વિરુદ્ધ ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી દરમિયાન આચારસંહિતાનાં ભંગનો કેસ નોંધવામાં આવ્યો હતો.

જયા પ્રદા વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ એડીજે-૬ ની અદાલતે જારી કર્યું છે. જયા પ્રદા વિરુદ્ધ સ્વાર કોતવાલી ખાતે દાખલ કેસમાં કોર્ટે આ વોરંટ જારી કર્યું છે. આ અગાઉ કોર્ટે કેમરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બીજો કેસ પણ જારી કર્યો છે, જેની સુનાવણી ૨૭ માર્ચે થવાની છે. જયા પ્રદાએ ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી રામપુર સંસદીય બેઠક પરથી ભાજપનાં ટિકિટ પર લડી હતી. તેમનો મુકાબલો સપાનાં દિગ્ગજ નેતા આઝમ ખાન વિરુદ્ધ હતો. આ ચૂંટણીમાં જયા પ્રદાને આઝમ ખાને એક લાખથી વધુ મતોનાં અંતરે પરાજય આપ્યો હતો. આ ચૂંટણીમાં આઝમ ખાન અને જયા પ્રદા વચ્ચે પણ તીક્ષ્ણ રેટરિક જોવા મળી હતી. જયા પ્રદા સામે આઝમ ખાને જોરદાર નિશાનો સાંધ્યો હતો.

લોકસભાની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવાર જયા

અનુસંધાન પાના નં. ૫

સરકારને ૧૦૦ દિવસ પૂર્ણ થતાં ઉદ્ધવ ઠાકરે ભગવાન રામના શરણે

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રામમંદિર નિર્માણ માટે રૂ.૧ કરોડ આપશે

હું ભાજપથી અલગ થયો છું હિન્દુત્વથી નહીં,હિન્દુત્વ-ભાજપ અલગ-અલગઃ ઉદ્ધવ ઠાકરે

અયોધ્યા

મહારાષ્ટ્રમાં સરકારના ૧૦૦ દિવસ પૂર્ણ થવા નિમિતે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સપરિવાર ભગવાન રામની નગરી અયોધ્યાની મુલાકાત લીધી છે. જ્યાં તેમણે રામ મંદિરના નિર્માણ માટે એક કરોડના દાનની જાહેરાત કરી છે. બપોરે લખનૌના એરપોર્ટ પર ઉતરાણ કર્યા બાદ ઉદ્ધવ ઠાકરે રોડ માર્ગે અયોધ્યા આવી પહોંચ્યા હતા. જ્યાં ઉપસ્થિત શિવસૈનિકો તેમજ તેમના સમર્થકોએ ઉદ્ધવ ઠાકરેનું સ્વાગત કર્યું હતું.



ભગવાન રામનું મંદિર બનાવવાની જવાબદારી આપણી સૌની,મંદિર એવું બનવું જોઈએ કે સમગ્ર દુનિયા જુએ

ઉદ્ધવ ઠાકરેને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું.

અયોધ્યાની મુલાકાત દરમ્યાન ઉદ્ધવ ઠાકરે નો સરયુ આરતી તેમજ જનસભાનો પણ કાર્યક્રમ હતો. પરંતુ કોરોના વાયરસને લઈને ગૃહ મંત્રાલય તેમજ આરોગ્ય મંત્રાલયની એડવાઈઝરી બાદ

અનુસંધાન પાના નં. ૫

યુએસ-તાલિબાની સમજૂતી બાદ સૌથી મોટો હુમલો

અફઘાનિસ્તાનના કાબૂલમાં મોટો આતંકી હુમલોઃ ૩૨ લોકોના મોત

કાબૂલ

કાબુલમાં મોટો આતંકવાદી હુમલો થયો હતો. અફઘાનીસ્તાનના કબુલમાં મોડી રાત્રે આતંકવાદીઓ દ્વારા એક મોટા આતંકવાદી હુમલોને અંજામ અપાયો. હુમલામાં ૩૨ લોકોના મોત થયા છે અને અફઘાનીસ્તાનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અબ્દુલ્લા અબ્દુલ્લા માંડ માંડ બચ્યા છે. આ ઉપરાંત પણ ઘણી મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા.

સૂત્રો અનુસાર પોલીસે વળતા જવાબમાં બે બંદૂકધારીને માર્યા છે. સંપૂર્ણ હુમલાની જવાબદારી આતંકી સંગઠન આઈએસએ લીધી છે. જોકે તાલીબાનીઓનું કહેવું છે કે આ હુમલામાં તેમનો કોઈ હાથ નથી. આઈએસના આતંકીઓએ લઘુમતી શીયાઓ વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું છે. જે કાર્યક્રમમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમાં મોટા ભાગના શીયા લોકો હતા.

ઉલ્લેખનીય છે કે અફઘાનીસ્તાનમાં આ

અનુસંધાન પાના નં. ૫

હોળી મનાવવા જઈ રહેલા મજૂરોને કાળ ભરખી ગયો

બિહારમાં જીવલેણ અકસ્માતઃ ટ્રેક્ટર-સ્કોર્પિયો વચ્ચે ટક્કર થતાં ૧૧ લોકોના મોત

મુજફ્ફરપુર

બિહારના મુજફ્ફરપુરમાં એક ગમખ્વાર અકસ્માની ઘટના સામે આવી છે. જેમાં એક સ્કોર્પિયો કાર અને ટ્રેક્ટર વચ્ચે ભીષણ ટક્કર થતા અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૪ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું સામે આવી રહ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, મુજફ્ફરપુરના કાંતિ પોલીસ સ્ટેશનની હદમાં આવતા નરસંડા ગામ પાસે નેશનલ હાઈવે ૨૮ પરથી પસાર થઈ રહેલી સ્કોર્પિયો સામેથી આવી રહેલા ટ્રેક્ટર સાથે ધડાકાભેર ટકરાઈ હતી. આ ટક્કરના કારણે



સ્કોર્પિયોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ અકસ્માતમાં ૧૧ લોકો મોતને ભેટ્યા છે અને મૃતકોની સંખ્યા વધી શકે છે.

આ અકસ્માત બાદ ઘટના સ્થળે ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને રોડ પર ચક્કાજામ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ અકસ્માતનો ભોગ બનેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે.

આ અંગે પોલીસે જણાવ્યું કે, આ અકસ્માત શનિવારે

અનુસંધાન પાના નં. ૫

એક દેશ બતાવો જે દરેકનું સ્વાગત કરતો હોય

નાગરિકતા સંશોધન કાયદા બદલ ભારતના વખાણ થવા જોઈએઃ એસ. જયશંકર

શું ભારત મિત્ર દેશ ગુમાવી રહ્યું છે તે પ્રશ્નના જવાબમાં કહ્યું, ભારતે દુનિયા સામે પોતાની વાત રાખવાની રીત બદલી, ભારત દુનિયાની પમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે

ન્યુ દિલ્હી

વિદેશમંત્રી એસ.જયશંકરે શનિવારે દિલ્હીમાં ગ્લોબલ બિઝનેસ સમિટમાં સીએએ અને વિદેશનીતિ પર જવાબ આપ્યા હતા. જયશંકરે સીએએની ટીકા કરતા દેશોને બેધડક કહ્યું- મને દુનિયામાં એક દેશ બતાવો, જે દરેકનું સ્વાગત કરતો હોય, એકેય નથી. સીએએ આપણો આંતરિક મામલો છે. તેમાં કોઈ દેશને લેવાદેવા નથી. સરકારની વિદેશનીતિ પર તેમણે કહ્યું કે હવે આપણે વિશ્વમાં સાચા મિત્રોની ઓળખ કરી રહ્યા છીએ.

જો ભારત વિશ્વને સીએએ પર પોતાનો પક્ષ નહીં સમજાવી શકે તો શું થશે ? તેના પર તેમણે કહ્યું મીડિયાથી દૂર પણ દુનિયા છે. હું દુનિયાના દેશોની સરકારો સાથે જોડાયેલો રહ્યો છું. બ્રસેલ્સમાં મેં ૨૭ વિદેશમંત્રીઓ સાથે સીએએ પર વાતચીત કરી હતી. સરકાર અને સંસદ પાસે અધિકાર છે કે તેઓ દેશમાં નાગરિકતાના નિયમો નિર્ધારિત કરી શકે. આપણે મોટી સંખ્યામાં એવા લોકોને

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ર‍ેન્ડમ ચોઈસ કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં માળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર બનવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જનઔષધિ કેન્દ્રના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો

કોરોના વાયરસને લઈને અફવાઓ પર ધ્યાન ના આપશોઃ મોદી

• મેં ભગવાનના રુપમાં તમને જોયા છે,મહિલાની વાત સાંભળી વડાપ્રધાન રડી પડ્યા..!

• સમગ્ર વિશ્વ નમસ્તેની આદત પાડી રહ્યું છે, આપણે આદત છોડી હોય તો ફરી શરૂ કરીએ



ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું સમગ્ર વિશ્વ નમસ્તેની આદત કેળવી રહ્યું છે, જો કોઈ કારણથી આપણે આ છોડી દીધી હોય તો હાથ મિલાવવાની જગ્યાએ ફરીથી આ આદત પાડવાનો આ યોગ્ય સમય છે. હું તમને અપીલ કરું છે કે કોઈ અફવાઓ પર ધ્યાન ન આપો. જો કોઈ પણ શંકા હોય તો ડોક્ટરની સલાહ લો.

મોદીએ વીડિયો કોન્ફોરન્સિંગ દ્વારા જનઔષધિ કેન્દ્રના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો. તેમણે કહ્યું કે આ દિવસ કોઈ યોજનાને સેલિબ્રેટ કરવાનો નથી પરંતુ લાખો ભારતીયો, પરિવારો સાથે જોડવવાનો દિવસ પણ છે, જેમને આ યોજના દ્વારા રાહત મળી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકારના ચાર સૂત્રો પર કામ કરી રહી છે. પહેલું પ્રત્યેક નાગરિકોને બિમારીથી કેવી રીતે બચવું જોઈએ, બીજુ જો તે બિમાર થઈ જાય તો તેને સસ્તો અને સારો ઈલાજ કેવી રીતે મળે, ત્રીજા ઈલાજ માટે આધુનિક હોસ્પિટલ, પર્યાપ્ત તબીબ અને મેડીકલ સ્ટાફ અને ચોથુ સૂત્ર છે મિશન મોડ પર કામ.

મેં ભગવાનને તો નથી જોયા, પરંતુ મોદી જી હું તમારામાં જોઉ છું૫એક મહિલાની આ વાત સાંભળીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાવુક થઈ ગયા. જન ઔષધિ દિવસ પર થયેલા કાર્યક્રમના અવસરમાં ભાવુક થયા. કાર્યક્રમમાં લકવાગ્રસ્ત મહિલાએ કહ્યું કે જન ઔષધિ દવાઓના લીધે તેમની સ્થિતિ સુધરી છે અને ખર્ચ પણ ઓછો થયો છે. કાર્યક્રમમાં દીપા શાહે આ આવત કહી. તેઓએ કહ્યું ૨૦૧૧મા મને લકવો થયો હતો, હું બોલી શકતી નહોતી. સારવાર જે ચાલી રહી હતી તે ખૂબ જ મોંઘી હતી તેના લીધે ઘર ચલાવવું મુશ્કેલ થઈ ગયું હતું. પછી જન ઔષધિ (જેનેરિક) દવાઓ લેવાનું શરૂ કર્યું. તેના લીધે પૈસા બચ્યા. પહેલાં દવાઓ ૫૦૦૦ની આવતી હતી, હવે ૧૫૦૦ની આવે છે. બાકી બચેલા પૈસામાં ઘર ચલાવું છું, ફળ ખાઉ છું. મહિલાએ આગળ કહ્યું ક મેં ઈશ્વરને જોયા નથી પરંતુ ઈશ્વરના રૂપમાં મોદીને જોયા છે. આમ બોલતા મહિલા રડવા લાગી. ત્યાં મોદી પણ ભાવુક થઈ ગયા.

ત્યારબાદ મોદીએ દીપાને સંબોધિત કરતાં કહ્યું કે તમે બીમારીને હરાવી છે. તમારો હોંસલો સૌથી મોટો ભગવાન છે. એ જ તમારો ભગવાન છે. તેના લીધે જ તમે આ સંકટમાંથી બહાર નીકળી શકયા. ત્યારબાદ મોદીએ જેનરિક દવાઓના વખાણ કર્યા. તેમણે કહ્યું કે આ દવાઓથી દીપા ઠીક થઈ, આ પુરાવો છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં હાજર કોઈ દવાથી આ દવાઓ કંઈ કમ નથી.

કેલિફોર્નિયામાં ક્રુઝ પર ફસાયેલા ૨૧ લોકોમાં સંક્રમણની પુષ્ટી

કોરોના વાયરસથી વિશ્વભરમાં મૃત્યુઆંક ૩૪૦૦ને પારઃ ચીનમાં વધુ ૨૮ના મોત

વૉશિંગ્ટન/બેઇજિંગ

વિશ્વભરમાં કોરોના વાઈરસનો વ્યાપક ફેલાવો થયો છે. ચીનમાં શુક્રવારે વધુ ૨૮ લોકોના મોત થતા વિશ્વભરના ૧૭ દેશમાં મૃત્યુ પામનારની સંખ્યા ૩૪૦૬ થઈ ગઈ છે. બીજી બાજુ સંક્રમણના વધુ ૯૯ કેસ સામે આવ્યા છે. ચીનમાં સંક્રમણનું કેન્દ્ર વુહાનમાં નવા દર્દીની સંખ્યામાં ઘટાડો થયો છે. બીજી બાજુ હુબેઈ પ્રાંતની બહાર સંક્રમણનો ફેલાવો જારી છે. બીજા દેશોમાંથી ચીન પરત ફરેલા ૩૪ લોકોમાં પણ સંક્રમણની પુષ્ટી થઈ છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઈક પેંસે કહ્યું છે કે સંક્રમણના જોખમને લીધે અમેરિકામાં કેલિફોર્નિયાના તટ પર ઉભેલા ક્રુઝ શિપ ગ્રાંડ પ્રિંસેસમાં ફસાયેલા વધુ ૨૧ યાત્રીમાં સંક્રમણ જોવા મળ્યા છે.

પીએનબીના ભાગેડુ લોન ડિફોલ્ટર સન્ની કાલરાને ઓમાનથી ભારત પરત લવાયો

ન્યુ દિલ્હી

સીબીઆઈને પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં એક મોટી સફળતા મળી છે અને આ બેંક કૌભાંડ મામલે એક આરોપી સન્ની કાલરાને ઓમાનના મસ્કટમાંથી આજે ભારત પરત લાવવામાં આવ્યો છે.

સીબીઆઈ દ્વારા વર્ષ ૨૦૧૬માં કરાયેલી વિનંતીના આધારે ઈન્ટરપોલે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી, જેના આધારે તેનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું છે. આરોપ છે કે વ્હાઈટ ટાઈગર સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર સન્ની કાલરાએ પીએનબી પાસેથી રૂ.૧૦ કરોડની લોન લીધી હતી પરંતુ તેનું ચૂકવણી કરવામાં ડિફોલ્ટ થયા છે.

અધિકારીઓએ જણાવ્યું કે, તેણે ચોરી છુપાઈને ગિરવી મૂકવામાં આવેલી વસ્તુઓ કાઢી લીધેજેના કારણે સરકારી બેંકોની માટે આ લોનની રિકવરી મુશ્કેલી બની ગઈ છે. તેમણે કહ્યું કે, સન્ની કાલરા, તેની પત્ની અને અન્યો વિરુદ્ધનો આ કેસ ૧૫ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ સીબીઆઈ હાથમાં લીધો હતો.

સીબીઆઈના એક પ્રવક્તાએ કહ્યું કે, કાલરા દંપત્તિ પોલિસ ફરિયાદ નોંધાયા બાદ ફરાર થઈ ગયા હતા.તપાસ એજન્સીએ સન્ની કાલરા અને તેની પત્ની તેમજ પીએનબીના ત્રણ અધિકારીઓ વિરુદ્ધનો આ કેસ હાથ લીધાના એક વર્ષથી વધુ સમય વિતી ગયા બાદ ૨૨ ડિસેમ્બર ૨-૧૬ના રોજ એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી.

છેલ્લા બે સપ્તાહમાં વાયરસથી ૧૯૭ લોકોના મોત નિપજ્યા

ચીન બાદ કોરોના વાયરસનો ઈટલીમાં આતંકઃ એક જ દિવસમાં ૪૯ના મોત



રોમ

દુનિયાભરમાં કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. ચીનના વુહાનથી શરૂ થયેલું આ સંક્રમણ અત્યાર સુધી ૯૦થી વધુ દેશોમાં ફેલાય ચૂકયું છે. તો ઈટલીમાં કોરોના વાયરસના લીધે શુક્રવારના રોજ ૪૯થી વધુ લોકોના મોતો થયા છે. આ એક જ દિવસમાં કોરોનાથી મરનારનો સૌથી મોટો આંકડો છે. ઈટલીમાં છેલ્લાં બે સમાહમાં આ સંક્રમણથી મૃતકોની સંખ્યા ૧૯૭ થઈ ગઈ છે.

કોરોનાથી અત્યાર સુધી સૌથી વધુ મોત ચીનમાં થયા છે. ત્યારબાદ બીજા નંબર પર ઈટલી છે. ઈટલીમાં આ સંક્રમણના અત્યાર સુધી ૪૬૩૬ કેસ સામે આવી ચૂકયા છે. જે ચીન, દક્ષિણ કોરિયા, અને ઈરાન બાદ સૌથી વધુ છે.

ઈટલી સરકારની તેના પર નજર છે કે શું કોરોનાનો ફેલાવો ઉત્તરથી થયો છે, જ્યાં સંક્રમણ ફેલાયા પહેલાંના ૧૦ દિવસ દરમ્યાન ઘણા લોકો સંક્રમિત થઈ ગયા હતા. હવે ઈટલીની ૨૨ જગ્યાઓ પર આ સંક્રમણથી લોકો પીડિત થયા છે.

ઈટલીના લાજીયોમાં શુક્રવારના રોજ કોરોનાથી વધુ એકના મોતના સમાચાર આવ્યા હતા, જે રોમ અને તેની બહારના વિસ્તારમાં સામેલ છે. જો કે દક્ષિણમાં કોરોનાથી અત્યાર સુધી કોઈનું મોત થયું નથી. ગયા બુધવારના રોજ બારી શહેરની આસપાસ પુગલિયાના દક્ષિણપૂર્વ ક્ષેત્રમાં પહેલી વાર એક માત્ર સંક્રમણની પુષ્ટિ થઈ.

આપને જણાવી દઈએ કે દુનિયાભરમાં અંદાજે એક લાખથી વધુ લોકો કોરોનાની ઝપટમાં આવ્યા છે જયારે અત્યાર સુધી અંદાજે ૩૪૦૦ લોકોના મોત થઈ ચૂકયા છે. તો બ્રિટનમાં પણ આ સંક્રમણથી પહેલાં મોતની પુષ્ટિ થઈ ચૂકી છે. અમેરિકામાં ૧૪ લોકોના મોત થયા છે. કોરોનાથી મુકાબલો કરવા માટે અમેરિકાએ ૬.૩ બિલિયન ડોલરનું ફંડ રજૂ કર્યું છે.

સરકાર કંપનીનો સંપૂર્ણ હિસ્સો ૫૨.૯૮ ટકા વેચશે

દેશની સૌથી મોટી કંપની બીપીસીએલ વેચવા માટે સરકારે બિડ મંગાવ્યા



ન્યુ દિલ્હી

સરકારે દેશની સૌથી મોટી પેટ્રોલિયમ કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) ને વેચવા માટે બિડ મંગાવ્યા છે. સરકાર કંપનીમાં તેનો સંપૂર્ણ હિસ્સો વેચવા માંગે છે. હાલમાં કંપનીમાં સરકારનો ૫૨.૯૮ ટકા હિસ્સો છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેંટએ દસ્તાવેજમાં જણાવ્યું છે કે બીપીસીએલનાં વ્યૂહાત્મક વેચાણ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) ને આમંત્રણ અપાયું છે. આ દસ્તાવેજમાં જણાવાયું છે કે ભારત સરકાર બીપીએસએલમાં તેના ૧૧૪.૯૧ કરોડ ઈક્વિટી શેરનાં વ્યૂહાત્મક વેચાણની દરખાસ્ત કરે છે. તેને ભરવાની છેલ્લી તારીખ ૨ મે, ૨૦૨૦ છે.

મીડિયા અહેવાલો અનુસાર, બીપીસીએલનું માર્કેટ કેપિટલાઈઝેશન હાલમાં રૂ. ૧.૦૩ લાખ કરોડની નજીક છે. આ ભાવ નાં આધારે સરકાર તેના શેરમાંથી ૫૪ હજાર કરોડ રૂપિયા મેળવી શકે છે. એટલે કે બીપીસીએલમાં હિસ્સાનાં વેચાણથી સરકારને ૫૪ હજાર કરોડ મળવાની અપેક્ષા છે. ૨૦ નવેમ્બર, ૨૦૧૯ નાં રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળનાં કેન્દ્રીય કેબિનેટે બીપીસીએલનું ખાનગીકરણ કરવાનો નિર્ણય કર્યો. આ અંતર્ગત, સરકાર બીપીસીએલમાં તેનો સંપૂર્ણ ૫૨.૯૮ ટકા હિસ્સો અને મેનેજમેન્ટ કંટ્રોલ વેચવા માંગે છે.

અગાઉ, કેન્દ્ર સરકારે બજેટ ૨૦૨૦ માં જાહેરાત કરી હતી કે તે ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી) માં પણ તેનો હિસ્સો વેચશે. નાણામંત્રી નિર્મલા સીતારામણે બજેટ રજૂ કરતી વખતે એલઆઈસી વિશે મોટી જાહેરાત કરી હતી. નાણાં પ્રધાને પોતાના બજેટ ભાષણમાં કહ્યું હતું કે, "સરકાર સ્ટોક એક્સચેંજમાં એલઆઈસીની યાદી આપશે". આઈપીઓ દ્વારા, સરકાર રાજ્ય જીવન વીમા કંપની એલઆઈસીમાં તેના હિસ્સાનો એક ભાગ વેચવા જઈ રહી છે.

વિદેશી ટુર પેકેજ ખરીદવી મોંઘી બનશે,બીએસ–૬ પ્રકારના વાહનો જ વેચાશે

જાણવા જેવું.....એક એપ્રિલથી ઈન્કમટેક્ષ, જીએસટી, પાન સહિતના નિયમોમાં ફેરફાર થશે

જો આધારને પાન સાથે લીંક નહીં કરાવ્યું હોય તો પાન અમાન્ય થશે

ન્યુ દિલ્હી

એક એપ્રિલથી નવું નાણાકીય વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે. નવા નાણાકીય વર્ષમાં અનેક એવા નિયમોમાં ફેરફાર થઈ રહ્યો છે જે તમારા દૈનિક જીવન સાથે જોડાયેલો છે. આ ફેરફાર જીએસટી રિટર્નથી લઈને પાનકાર્ડના નિયમોમાં થવાનો છે ત્યારે એક એપ્રિલથી શું શું બદલાવાનું છે તે જાણી લેવું જોઈએ.

૧ એપ્રિલથી જો તમે પાનકાર્ડને આધાર સાથે લીંક નહીં કરાવ્યું હોય તો તે અમાન્ય થઈ જશે. પાન અને આધાર નંબરને લીંક કરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચ–૨૦૨૦ છે. પાછલા વર્ષે પાન–આધાર જોડાણની સમયમર્યાદા અનેક વખત વધી ચૂકી છે. અંદાજે ૧૭.૫૮ કરોડ પાન હજુ પણ આધાર સાથેલીંક થયા નથી યારે ૩૦.૭૫ કરોડથી વધુ લોકોએ પોતાનું પાન આધાર સાથે લીંક કરાવી લીધું છે.

બજેટ–૨૦૨૦–૨૧માં સરકારે વૈકલ્પીક દરો અને સ્લેબ સાથે એક નવી આવકવેરા વ્યવસ્થા શરૂ કરી જે ૧ એપ્રિલથી લાગુ થનારા નવા નાણાકીય વર્ષથી અમલી બની જશે. નવી કર વ્યવસ્થામાં કોઈ છૂટ અને કાપનો લાભ નહીં મળે. જો કે નવી કર વ્યવસ્થા વૈકલ્પીક છે એટલે કે કરદાતા ઈચ્છે તો તે જૂના ટેકસ સ્લેબના હિસાબથી પણ કર ભરી શકે છે.

બીજી બાજુ નવા પ્રસ્તાવ હેઠળ પાંચ લાખ રૂપિયા વાર્ષિક આવકવાળાએ કોઈ કર આપવાનો થતો નથી. પાંચથી ૭.૫ લાખ રૂપિયા વાર્ષિક આવકવાળા માટે ટેકસનો દર ૧૦ ટકા, ૭.૫થી ૧૦ લાખ રૂપિયાની આવક પર ૧૫ ટકા, ૧૦ લાખ રૂપિયાથી ૧૨.૫ લાખ રૂપિયા ઉપર ૨૦ ટકા, ૧૨.૫ લાખ રૂપિયાથી ૧૫ લાખ રૂપિયાની આવક ઉપર ૨૫ ટકા અને ૧૫ લાખ રૂપિયાથી વધુની આવક ઉપર ૩૦ ટકા ટેકસ લાગશે.

જીએસટી કાઉન્સીલની ૩૧મી બેઠકમાં કરદાતા માટે નવી જીએસટી રિટર્ન સિસ્ટમ રજૂ કરવાનો નિર્ણય થયો હતો. આ સિસ્ટમ ૧લી એપ્રિલથી લાગુ થશે. સિસ્ટમ અમલી બન્યા બાદ રિટર્ન ભરવામાં ઘણી સરળતા રહેશે. નવી વ્યવસ્થા હેઠળ બે નવા ફોર્મ રજૂ કરવામાં આવે છે જેમાં જીએસટી ફોર્મ એએનએકસ–૧, જીએસટી ફોર્મ એએનએકસ–૨નો સમાવેશ થાય છે.

૧ એપ્રિલ ૨૦૨૦થી વિદેશી ટૂર પેકેજ ખરીદવી અને વિદેશમાં ખર્ચ કરવો મોંઘો બનશે. જો કોઈ વિદેશી ટુર પેકેજ ખરીદે છે અથવા વિદેશી ચલણ એકસચેન્જ કરાવે છે તો સાત લાખ રૂપિયાથી વધુની રકમ પર ટેકસ કલેકશન એટ સોર્સ (ટીસીએસ) આપવો પડશે. કેન્દ્ર સરકારે સામાન્ય બજેટ ૨૦૨૦માં સેકશન ૨૦૬સીમાં સંશોધન કરી વિદેશી ટુરપેકેજ અને ફંડ ઉપર પાંચ ટકા ટીસીએસ લગાવવાનો પ્રસ્તાવ આપ્યો છે.

એક એપ્રિલથી દેશમાં માત્ર બીએસ–૬ માપદંડ ધરાવતાં વાહન જ વેચાશે. સુપ્રીમ કોર્ટે ઓકટોબર–૨૦૧૮માં આ આદેશ આપ્યો હતો કે ૩૧ માર્ચ ૨૦૨૦ બાદ બીએસ–૪ માપદંડના નવા વાહનો વેચાશે નહીં. બીએસ–૪ના વાહનોને વેચવા માટે ઓટોમોબાઈલ કંપનીઓ અનેક ઓફર્સ લઈને આવે છે અને પોતાની બીએસ–૪ ગાડીઓના અનેક મોડેલ્સ ખરીદી પર ભારે ડિસ્કાઉન્ટ આપી રહી છે.

સરકારે તમામ મેડિકલ ડિવાઈસને ડ્રગ્સ જાહેર કરી દીધા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે એક જાહેરનામું પ્રસિદ્ધ કયુ છે જે અનુસાર માણસો–જાનવરો પર ઉપયોગ થનારા ઉપકરણો પણ ડ્રગ્સ કહેવાશે. આ પછી હવે ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એકટની કલમ–૩ હેઠળ માણસો અને જાનવરો પર ઉપયોગમાં લેવાતાં ઉપકરણોને દવાની શ્રેણીમાં રાખવામાં આવશે.

તાહિર હુસૈનની લાયસન્સવાળી બંદૂક, કારતૂસોને ફોરેન્સિક તપાસ માટે મોકલાયા

ન્યુ દિલ્હી

દિલ્લી હિંસા દરમિયાન આઈબી અધિકારી અંકિત શુક્લાની હત્યાના આરોપી આમ આદમી પાર્ટીમાંથી સસ્પેન્ડ કરાયેલ તાહિર હુસેનની લાયસન્સવાળી બંદૂક અને કારતૂસોને પોલિસે જપ્ત કરી લીધા છે. દિલ્લી પોલિસના સૂત્રો મુજબ પિસ્તોલને ફોરન્સિક તપાસ માટે મોકલવા આવ્યા જેનાથી એ માલુમ પડી શકે કે આ પિસ્તોલમાંથી ફાયર થયુ છે કે નહિ. પોલિસે તાહિર હુસેનનો મોબાઈલ પણ જપ્ત કરી લીધો છે.

તમને જણાવી દઈએ કે તાહિર હુસેન પર એસઆઈટીનો ગાળિયો કસાઈ રહ્યો છે. સાત દિવસના પોલિસ રિમાન્ડ પર ચાલી રહેલ તાહિર હુસેનની ઘટનાના દિવસે કુંડળી ફંફોસવા પર શુક્રવારે કેસની તપાસ કરી રહેલા એસઆઈટીને ઘણી બધી માહિતી મળી છે. દિલ્લી પોલિસ ગુના શાખાના એક સૂત્ર અનુસાર ઘટનાવાલા દિવસે તાહિર હુસેન સૌથી વધુ જે લોકો સાથે વાતચીત કરી હતી, એસઆઈટીએ શુક્રવારે એ ૧૫ લોકોની ઓળખ કરી લીધી. આ વાતચીત મોબાઈલ દ્વારા થઈ. તાહિરે આ બધા સાથે એ દિવસે એટલી વાર સુધી કેમ અને કઈ લાંબી વાતચીત કરી? આનો ખુલાસો થઈ શક્યો નથી.

ઓસ્ટ્રેલિયાના સંશોધકોનો દાવો કોરોનાના કારણે દુનિયાભરમાં મહત્તમ ૬.૮૦ કરોડ લોકોના મોત થઈ શકે છે

મેલબર્ન

કોરોના વાયરસના કારણે દુનિયામાં દોઢ કરોડ લોકોના મોત થઈ શકે છે તેવો દાવો ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીના સંશોધકોએ કર્યો છે. મીડિયા રિપોર્ટમાં ઉપરોક્ત યુનિવર્સિટીના સંશોધકોને ટાંકીને કહેવાયુ છે કે, ઉપરોક્ત આંકડો ઓછામાં ઓછા મોતનો છે.કોરોના વાયરસની સ્થિતિ જો વધારે વણસે તો ૬.૮૦ કરોડ લોકોના મોત થઈ શકે છે.જેમાં બ્રિટન અને અમેરિકા પણ બાકાત નહી હોય.

આ અભ્યાસમાં કોરોનાના અસરગ્રસ્તો પૈકી ૨ ટકા મોતને ભેટી શકે છે તેવુ અનુમાન કરાયુ છે.હાલમાં વૈશ્વિક સ્તર પર આ ટકાવારી ૩.૪ ટકા છે.આ સ્ટડી પ્રમાણે ભારત અને ચીનમાં લાખોની સંખ્યામાં લોકો મોતને ભેટી શકે છે.અમેરિકામાં ૨.૩૦ લાખ લોકો તેને શિકાર થઈ શકે છે.

અમેરિકામાં સામાન્ય ઈન્ફ્લુએન્જામાં પણ દર વર્ષે ૫૫૦૦૦ લોકોના મોત થાય છે. આ સીવાય દાવો કરાયો છે કે, કોરોનાના કારણે બ્રિટનમાં ૬૪૦૦૦ , જર્મનીમાં ૭૯૦૦૦ , ફ્રાંસમાં ૬૦૦૦૦ લોકોના મોત થશે. હાલમાં દુનિયાભરમાં આ વાયરસના કારણે ૩૪૦૦ લોકો મોતને ભેટી ચુક્યા છે.

કાર્યવાહી માટે પર્યાપ્ત પુરાવા નહીંઃ કોર્ટ

લાંચ પ્રકરણઃ પૂર્વ સ્પેશ્યલ ડિરેક્ટર અસ્થાના, ડીએસપી દેવેન્દ્રકુમારને CBI કોર્ટની ક્લિનચીટ

ન્યુ દિલ્હી


સીબીઆઈની સ્પેશ્યલ કોર્ટે શનિવારે લાંચ પ્રકરણમાં કેન્દ્રીય તપાસ એજન્સીના પૂર્વ સ્પેશ્યલ ડાયરેક્ટર રાકેશ અસ્થાના અને DSP દેવેન્દ્રકુમારને ક્લિનચીટ આપી હતી. સીબીઆઈ તરફથી દાખલ ચાર્જશીટ પર અસહમતિ દર્શાવતા સ્પેશ્યલ જજ સંજીવ અગ્રવાલે કહ્યું કે અસ્થાના અને કુમાર વિરુદ્ધ આગળ કાર્યવાહી કરવા માટે પર્યાપ્ત પુરાવા નથી. જો ભવિષ્યમાં નવા તથ્યો સામે આવશે તો જોઈશું. તપાસ એજન્સીએ ચાર્જશીટમાં અસ્થાના અને અન્ય આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચારના પુરાવા ન મળ્યા હોવાની વાત કરી હતી.

કોર્ટે કહ્યું કે આ મામલામાં આરોપી મનોજ, તેના ભાઈ સોમેશ્વર પ્રસાદ અને તેના સસરા સુનીલ મિત્તલ વિરુદ્ધ પણ યોગ્ય પુરાવા નથી. કોર્ટે સોમેશ્વર પ્રસાદ અને મિત્તલને ૧૩ એપ્રિલે કોર્ટમાં રજૂ થવાનો આદેશ કર્યો છે.

સીબીઆઈએ અસ્થાના અને કુમારની ૨૦૧૮માં ધરપકડ કરી હતી. ત્યારબાદ તેમને જામીન મળી ગયા હતા. બન્નેને આરોપી બનાવ્યા બાદ પર્યાપ્ત પુરાવા ન મળતા તેમના નામ ચાર્જશીટની કોલમ ૧૨માં લખવામાં આવ્યા હતા. ઝૈમ્બે હૈદરાબાદના વેપારી સતીશ સનાની ફરિયાદના આધારે અસ્થાના વિરુદ્ધ મામલો દાખલ કર્યો હતો. સનાએ અસ્થાના પર ૧૦ કરોડ રૂપિયાની લાંચ માંગવાનો આરોપ લગાવ્યો હતો. તેણે અસ્થાનાને ડિસેમ્બર ૨૦૧૭ બાદ ૧૦ મહિનામાં લાંચની રકમ આપવાની વાત કહી હતી. અસ્થાનાની આગેવાની હેઠળ એક ટીમ સના અને માંસના વેપારી મોઈન કુરેશી વિરુદ્ધ ૨૦૧૭ના એક કેસમાં તપાસ કરી રહી હતી.

કોરોના વાયરસ કે વુહાન વાયરસ કહેવું ખૂબ જ બેજવાબદાર વલણઃ ચીન

અમેરિકાના વિદેશમંત્રીએ કોરોના વાયરસને 'વુહાન વાયરસ' કહેતા ચીન ભડક્યું



વૉશિંગ્ટન/બેઇજિંગ

ચીનમાં કોરોના વાયરસના સંક્રમણના મામલામાં ઘટાડો આવી રહ્યો છે ત્યાં અમેરિકા સહિત તમામ દેશોમાં આ ઝડપથી ફેલાઇ રહ્યો છે. દુનિયાની આ બે મહાશક્તિઓની વચ્ચે ટ્રેડ વોર પહેલેથી ચાલુ છે અને હવે કોરોના વાયરસને લઇ અમેરિકા અને ચીનની વચ્ચે નવો વિવાદ છંછેડાયો છે. જી હા કોરોના વાયરસને 'ચીની વાયરસ' કહેવો અને તેના માટે વુહાનને કસૂરવાર ગણાવવાને લઇ ચીન નારાજ થઇ ગયું છે.

અમેરિકન વિદેશ મંત્રી માઇક પોમ્પિયોએ બીજી વખત કોરોના વાયરસને 'વુહાન વાયરસ' કહ્યું જ્યારે બેઇજિંગે દુનિયાભરના સ્વાસ્થ્ય અધિકારીઓને કોવિડ-૧૯ માટે આ પ્રકારના નામનો ઉપયોગ કરવાની બચવા માટે કહ્યું છે. આમ કરવાથી ચીનના નાગરિકોની વિરૂદ્ધ જાતીય ભેદભાવ પણ વધી શકે છે.

તાજેતરમાં સિંગાપુરમાં ચીની મૂળના એક વિદ્યાર્થીની સાથે કોરોના વાયરસના લીધે જાતીય હિંસ બન્યાની ઘટના પણ સામે આવી હતી. ત્યાં કોરોના વાયરસ માટે ચીનના ખાવા-પીવાને જવાબદાર ગણાવી રહ્યા છે.

એક ઇન્ટરવ્યુમાં અમેરિકન વિદેશ મંત્રી માઇક પોમ્પિયોએ ફરી એક વખત વિડ-૧૯ને વુહાન વાયરસ કહ્યો. પહેલી વાત એ છે કે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીએ ખુદ કહ્યું છે કે વાયરસ વુહાનથી ફેલાવાનું શરૂ થયો છે. મારા શબ્દોને છોડો, તેમના જ શબ્દો પર ધ્યાન આપો. પોમ્પિયોએ ચીનના એ દાવાને પણ નકારી દીધો કે વાયરસની ઉત્પતિ ચીનના વુહાન શહેર સિવાય બીજી કોઇ જગ્યા થઇ હોય કારણ કે કોરોના વાયરસ સંક્રમણના ૧૦૦૦૦૦ કેસ માત્ર આ શહેરમાંથી આવ્યા હતા. તો ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ઝાઓ લિજિયાને તેને લઇને આપત્તિ વ્યકત કરી અને કહ્યું કે વાયરસને ચીની કોરોના વાયરસ કે વુહાન વાયરસ કહેવું ખૂબ જ બે જવાબદાર વલણ છે. જો કે તેમણે પોમ્પિયોનું સીધું નામ નહોતું લીધું. તેને કોઇપણ તથ્ય વગર કોવિડ-૧૯ને ચીની વાયરસનું નામ આપીને થોડાંક મીડિયા પબ્લિકેશન્સ ઇચ્છે છે કે ચીન ખુદ કસૂરવાર બની જાય. આ મહામારી વૈશ્વિક પડકાર છે. હજી સુધી એ સ્પષ્ટ નથી કે આ વાયરસનો જન્મ ચીનમાં જ થયો છે.

સરકાર સુરક્ષામાં ખાસ ધ્યાન આપી રહી છે
મોદી સરકારના છ વર્ષના શાસનમાં દેશમાં એક પણ હુમલો થયો નથીઃ પ્રકાશ જાવડેકર

ન્યુ દિલ્હી

મોદી સરકારના રહેતા દેશભરમાં વિતેલા ૬ વર્ષમાં એક પણ બોંબ બ્લાસ્ટ થયો નથી. માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રી પ્રકાશ જાવડેકરે શનિવારના રોજ આ પ્રકારના દાવો કર્યો છે. તેમણે આ માટેનો શ્રેય વડાપ્રધાન મોદીને આપ્યો છે. તેમનું કહેવુ છે કે, મોદી સરકાર રાષ્ટ્રની સુરક્ષા માટે જરૂરી તમામ પગલા ભરી રહ્યા છે. એક ખાસ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા જાવડેકરે કહ્યું હતું કે, ૨૦૧૪માં મોદી સરકાર આવ્યા પહેલા દેશમાં અલગ અલગ જગ્યાએ બોંબ બ્લાસ્ટ થતાં હતા. મોદી સરકાર પહેલા લગભગ ૨૫ વર્ષથી પુણે, વડોદરા, અહમદનગર, દિલ્હી અને મુંબઈ જેવા વિસ્તારોમાં બોંબ બ્લાસ્ટ થતાં હતા. દર ૮-૧૦ દિવસમાંથી એક વાર હુમલાઓ થતાં હતા. પણ જ્યારથી કેન્દ્રમાં મોદી સરકાર આવી છે, ત્યારથી દેશની સુરક્ષામાં સુધારો થયો છે. જેનું પરિણામ એ આવ્યું કે, વિતેલા છ વર્ષમાં દેશમાં ક્યાંય પણ હુમલાઓ થયા નથી.

રાષ્ટ્રપતિ કોવિંદે ગુમતાના શપથ લેવડાવ્યા
માહિતી કમિશ્નર બિમલ જુલ્કાની સીઆઇસી તરીકે નિમણૂંક

ન્યુ દિલ્હી

ઇન્ફર્મેશન કમિશનર બિમલ જુલ્કા ચીફ ઇન્ફર્મેશન કમિશનર (સીઆઇસી) તરીકે નિમણુંક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક સેરેમનીમાં સીઆઇસી તરીકે જુલ્કાને પદ અને ગુમતાના શપથ લેવડાવ્યા હતા. સુધીર ભાર્ગવ ૧૧ જાન્યુઆરીએ નિવૃત્ત થયા બાદથી સીઆઇસીનું વડાનો હોદો ખાલી હતો. હાલમાં સીઆઇસી છ ઇન્ફર્મેશન કમીશનરોની ઘટાડેલી સંખ્યાથી ચાલી રહી છે. આની સામે સીઆઇસી સહિત કુલ મંજૂર સંખ્યા ૧૧ની છે. જુલ્કાની નિમણૂક બાદ પણ હજુ આઇસીમાં કુલ પાંચ જગ્યા ખાલી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ એક પસંદગી સમિતિએ ગત મહિને પૂર્વ માહિતી અને પ્રસાર સેક્રેટરી જુલ્કાના નામની આ હોદા માટે ભલામણ કરી હતી. નિયમો મુજબ એક સીઆઇસીની નિમણૂક વડાપ્રધાનના અધ્યક્ષપદની કમિટીના ભલામણના આધારે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

યસ બેન્કના સંકટને લઇ કોંગ્રેસના મોદી સરકાર પર પ્રહારો

યસ બેન્કનું ડૂબવું એ સરકારના ગેરવહીવટનું પરિણામઃ પી.ચિદમ્બરમ્

યસ બેન્કની લોન કેવી રીતે પાંચ વર્ષમાં પાંચ ગણી થઇ?

ન્યુ દિલ્હી

યસ બેંક સંકટને લઈને કોંગ્રેસના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન પી. ચિદમ્બરમે કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. ચિદમ્બરમે શનિવારે કહ્યું હતું કે યસ બેંકનું ડૂબવું એ વર્તમાન સરકારની દેખરેખ હેઠળ નાણાકીય સંસ્થાઓના ગેરવહીવટનું પરિણામ છે. યસ બેંકે લોનનું વિતરણ કેવી રીતે કર્યું તેના પર આરબીઆઈ અને સરકારનું મૌન સવાલો ઉભા કરે છે. છેવટે, આરબીઆઈ અને નાણાં મંત્રાલયે પહેલા તેના વિશે કેમ વિચાર્યું નહીં. તેમણે કહ્યું કે સરકાર અને નાણાં પ્રધાને યસ બેંકના પતનને લોકો અને મીડિયાથી છુપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ નાણાકીય સંસ્થાઓની ગેરવહીવટ લોકો સમક્ષ આવી રહી છે.

પી.ચિદમ્બરમે રણદીપ સુરજેવાલા સાથેની એક પત્રકાર પરિષદમાં કહ્યું કે, નાણાં પ્રધાન, મને કહો કે યસ બેંકની લોન કેવી રીતે ૨૦૧૪ થી ૨૦૧૯ ની વચ્ચે પાંચ ગણી વધી. આ હું તેમની લોન બુક પરથી કહી રહ્યો છું, માર્ચ ૨૦૧૪ માં લોન બુકની રકમ ૫૫ હજાર કરોડ હતી જે માર્ચ ૨૦૧૯ માં વધીને ૨ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. માત્ર બે વર્ષમાં તે ૯૮ હજાર કરોડથી ૨ લાખ કરોડ રૂપિયા કેવી રીતે પહોંચ્યું.

ચિદમ્બરમે કહ્યું કે નાણાં પ્રધાન યુપીએની સત્તાની વાત કરે છે અને હું નાણામંત્રી છું. ૨૦૧૪ પહેલાં વાત અવગણો, પરંતુ ઓછામાં ઓછું અમને કહો કે યસ બેંકને ૨૦૧૪ પછી લોનનું વિતરણ કરવાની મંજૂરી કોણે આપી હતી. શું કોંગ્રેસે આ કર્યું? યસ બેંકને બચાવવા માટે, ચિદમ્બરમે એસબીઆઈના ૪૯% શેર ૨૪૫૦ કરોડ રૂપિયામાં ખરીદવા જણાવ્યું હતું, આ યોજનાને બદલે યસ બેંકનુ ટેક ઓવર કરવામાં આવે અને એસબીઆઈની ખરાબ લોન બુક વધારવામાં આવે.

આજે મહિલા દિવસઃ હેરિટેજ સાઇટ્સ પર મહિલાઓને ફ્રી પ્રવેશ મળશે

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી પ્રહલાદ સિંહ પટેલે શનિવારે જાહેરાત કરી છે કે આર્કેયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા સંરક્ષિત તમામ હેરિટેજ સ્થળો પર આતંરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે મહિલાઓ પાસેથી પ્રવેશ ફી વસુલવામાં આવશે નહિ. તેમાં મુખ્યત્વે લાલ કિલ્લો અને તાજમહેલ જેવા સ્થળોનો સમાવેશ થાય છે. અહીં રવિવારે મહિલાઓ માટે આવવા-જવાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ સ્થળો પર બાળકોને દૂધ પિવડાવવા અને તેમની સંભાળ કરવા માટે ખાસ રૂમ પણ બનાવવામાં આવશે. મહિલાઓની સુરક્ષામાં મહિલા સુરક્ષા ગાર્ડ પણ તૈનાત કરવામાં આવશે.

હુમલામાં વપરાયેલા આઇઇડી માટે એમેઝોન પરથી કેમિકલની ખરીદી કરી હતી

પુલવામા હુમલોઃ એનઆઇએએ વધુ બે લોકોની ધરપકડ કરી

શ્રીનગર

પુલવામામાં ગત વર્ષે સીઆરપીએફના જવાનો પર થયેલા આતંકવાદી હુમલાને લઇને મોટો ખુલાસો છે. તેમાં ઉપયોગમાં લેવાયેલા ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઇસ બનાવવા માટે કેમિકલ એમેઝોનમાંથી ઓનલાઇન મંગાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ આ મામલામાં વાઇજ ઉલ ઇસ્લામ(૧૯) અને મોહમ્મદ અબ્બાસ રાથેડ(૩૨)ની ધરપકડ કરી છે. વાઇજ શ્રીનગર અને અબ્બાસ પુલવામાના હાકરીપોરાનો રહેનાર છે. પુલવામા હુમલાને લઇને અત્યાર સુધીમાં ૫ લોકોની ધરપકડ થઈ ચૂકી છે. ૩ દિવસ પહેલા જ એનઆઇએ એ હાકરીપોરમાંથી પિતા-પુત્રીની ધરપકડ કરી હતી . તેમની પર આરોપીઓને શરણ આપવાનો આરોપ છે.

૧૪ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પુલવામાના લેથપોરામાં સીઆરપીએફ જવાનોને લઇને જઈ રહેલી બસ પર આતંકવાદી હુમલો થયો હતો. હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલી ગાડીને બસ સાથે અથડાવી હતી. હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. એનઆઇએના પ્રવકતાના જણાવ્યા મુજબ, શરૂઆતની તપાસમાં વાઈજે કબુલ્યુ કે તેણે એમેઝોનમાંથી કેમિકલનો ઓર્ડર કર્યો હતો. તેની પર આઇડી બનાવીને બેટરી અને અન્ય સામાન પણ મંગાવવામાં આવ્યો હતો. તેના માટે પાકિસ્તાને જૈશ-એ-મોહમ્મદના આતંકીઓને નિર્દેશ આપ્યા હતા. એમેઝોનમાંથી આઈટમ મંગાવવામાં આવ્યા બાદ વાઈજે પોતે જૈશના આતંકીઓને તેને સુપરત કરી હતી.

જમ્મુ-કાશ્મીરમાં બે દર્દીના રિપોર્ટ પોઝિટિવ હોવાની શક્યતા
કોરોના વાયરસઃ જમ્મુ-સાંબા જિલ્લામાં તમામ સ્કૂલ ૩૧ માર્ચ સુધી બંધ

શ્રીનગર

કોરોના વાયરસના કહેરને લઈને જમ્મુ અને સાંબા જિલ્લામાં તમામ પ્રાથમિક શાળાને ૩૧ માર્ચ સુધી તાત્કાલિક પ્રભાવથી બંધ કરી દેવામાં આવી છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીરમાં તમામ બાયોમેટ્રિક હાજરીને ૩૧ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરમાં કોરોના વાયરસના બે દર્દીની રિપોર્ટ પોઝિટિવ હોવાની શક્યતા છે. રાજયના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ અનુસાર બંને દર્દીઓને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

કોરોના વાયરસના વધી રહેલા પ્રકોપને જોતા આ પગલા ઉઠાવવામાં આવ્યા છે. કારણ કે તેનાથી ઈફેક્શન થવાનો ખતરો છે. એક મશીનના માધ્યમથી હાજરી પૂરવાથી જો કોઈમાં કોરોનાના લક્ષણ હોય તો તે વાયરસ બીજામાં ફેલાઈ શકે છે.

ચીનના વુહાનની શરૂ થયેલો ખતરનાક કોરોના વાયરસ ઝડપથી દુનિયાભરમાં ફેલાઈ રહ્યો છે. કોરોના વાયરસથી દુનિયાભરમાં ૧ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. કોરોના વાયરસના કારણે મૃત્યુઆંક ૩૨૦૦ને પાર થયો છે. ભારતમાં અત્યાર સુધીમાં ૩૧ લોકોમાં કોરોના વાયરસની પુષ્ટી થઈ છે.

પોલીસે ત્રણ કારતૂસ પણ જપ્ત કર્યા
દિલ્હી હિંસાઃ પોલીસ પર બંદૂક તાકનારા શાહરુખના ઘરેથી પિસ્ટલ ઝડપાઇ

ન્યુ દિલ્હી

ઉત્તર-પૂર્વ દિલ્હીમાં હિંસા દરમિયાન પોલીસના જવાન પર બંદૂક તાકનાર શાહરુખને ૪ માર્ચના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને પોલીસ રિમાન્ડ પર મોકલવાનો આદેશ આપ્યો હતો. અત્યારે શાહરુખ પોલીસ કસ્ટડીમાં જ છે. તેને ઉત્તર પ્રદેશના શામલીથી પકડવામાં આવ્યો હતો. ધરપકડ બાદથી જ પોલીસ તેની પિસ્ટલની શોધમાં લાગી હતી. ત્યારે પોલીસને આ મામલે સફળતા મળી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસે શાહરુખની આ બંદૂક તેના ઘરેથી મળી આવી છે. પોલીસે શાહરુખના ઘરેથી ત્રણ કારતૂસ જપ્ત કર્યા છે. આ સિવાય તેનો અન્ય ૧ મોબાઈલ ફોન પણ ક્રાઈમબ્રાન્ચને હાથ લાગ્યો છે. દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાંચની બે ટીમો દિલ્હી હિંસાની તપાસ કરી રહી છે. હિંસા દરમિયાન શાહરુખે કથિત રીતે પોતાની આ જ પિસ્ટલથી આશરે ૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ દરમિયાન શાહરુખે હેડ કોન્સ્ટેબલ દીપક દહિયા પર પિસ્ટલ તાકી હતી, જો કે શાહરુખે તેમના પર ગોળી નહોતી ચલાવી. દીપકે આ મામલે જણાવતા કહ્યું હતું કે, મેં તેને કહ્યું હતું કે હવે ક્યાંય પણ તે છુપાઈ જાય પરંતુ પોલીસ તેને શોધી કાઢશે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, શાહરુખ ૨૭ વર્ષનો છે. તે સલીમપુરના ચૌહાણ બાંગડનો રહેવાસી છે. આના પર કોઈપણ કેસ નોંધવામાં આવ્યો નહોતો. તેના પિતા ડ્રગ પેડલર છે. તે ઘણીવાર પકડાઈ ચૂક્યા છે. હિંસા બાદથી શાહરુખનો પરિવાર ગાયબ હતો. શાહરુખ સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહેતો હતો.

એસબીઆઇ ચેરમેનના ભત્રીજાનું પણ યસ બેન્કમાં એકાઉન્ટ..!!

મુંબઇ

આર્થિક રીતે બેહાલ થઈ ચુકેલી યસ બેંક પર મુકી દેવાયેલા નિયંત્રણો બાદ લાખો ગ્રાહકોમાં ગભરાટની લાગણી છે ત્યારે યસ બેંકને મદદ કરવા માટે આગળ આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેને ફરી એક વખત ગ્રાહકોને આશ્વાસન આપ્યુ છે. સ્ટેટ બેંકના ચેરમેન રજનીશ કુમારનો ભત્રીજો પણ યસ બેંકના લાખો ખાતેદારોમાં સામેલ છે.રજનીશકુમારે પોતે જાણકારી આપતા કહ્યુ હતુ કે, મારા ભત્રીજાનુ સેલેરી એકાઉન્ટ આ બેંકમાં છે.મારા ભત્રીજાએ શુક્રવારે સવારે મને કોલ કર્યો હતો.મેં મારા ભત્રીજાને કહ્યુ હતુ કે, ચિંતા કરવાની જરુર નથી. તમારા પૈસા સુરક્ષિત છે. રજનીશકુમારે કહ્યુ હતુ કે, જેટલા દિવસ નિયંત્રણો છે તેટલા દિવસ તકલીફ થઈ શકે છે.પણ આ નિયંત્રણો વહેલી તકે હટાવવા માટે પ્રયાસો થઈ રહ્યા છે.

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઇલ પ્રતિ બેરલ ૪૫ ડોલરઃ ડિઝલ-પેટ્રોલ સસ્તુ થશે

ન્યુ દિલ્હી

ચીનમાંથી દુનિયાભરમાં પ્રસરેલા કોરોના વાયરસની અસર હવે ક્રુડ ઓઇલ પર પણ પડી રહી છે. વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઇલનો ભાવ પ્રતિ બેરલ ૪૫ ડોલર પર પહોંચ્યો છે. જ્યારે કે અમેરિકન લાઇટ ક્રુડનો ભાવ ૪૧ ડોલર પ્રતિ બેરલ થઇ ગયો છે. છેલ્લા ૨ દિવસમાં જ ક્રુડ ઓઇલના ભાવમાં અંદાજે ૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જે જુલાઇ-૨૦૧૭ બાદના સૌથી નીચલા સ્તરે છે. હવે આ ફાયદો ભારતના લોકોને પેટ્રોલ અને ડિઝલમાં મળી શકે છે. માર્કેટના નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર ઓઇલના ભાવમાં થયેલા ભારે ઘટાડાને કારણે ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘણો ઘટાડો થાય તેવી શક્યતા છે. બીજી તરફ ઓઇલના નિકાસકાર દેશોના સમૂહ ઓપેક અને અન્ય દેશો વચ્ચે થયેલી બેઠકમાં ઓઇલનું ઉત્પાદન ઓછું કરવાનો આગ્રહ કરવામાં આવ્યો. જો કે રશિયાએ આ પ્રસ્તાવને ઠુકરાવી દીધો છે. વૈશ્વિક આર્થિક સુસ્તીને કારણે ક્રુડ ઓઇલની માંગમાં જબરદસ્ત ઘટાડો થયો છે. પરંતુ ઉત્પાદનમાં ઘટાડો ન થવાથી ક્રુડ ઓઇલનો ભાવ સતત ઘટી રહ્યો છે. જે ભારત સહિતના અન્ય વિકાસશીલ દેશોના સતત વધતા આયાત ખર્ચ માટે રાહત લઇને આવ્યો છે.

એસબીઆઇ સંકટમોચક
પહેલા પાનાથી ચાલુ

ક્ષેત્રની યસ બેંક પર એક મહિનાની અંદર ૫૦ હજાર રૂપિયા ઉપાડવાની લિમિટ લગાવતા તેના ગ્રાહકોમાં દોડધામ મચી ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય રિઝર્વ બેંકએ સંકટમાં ફસાયેલી ખાનગી ક્ષેત્રની યસ બેંકને લઈ કડક વલણ અપનાવી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને વિખેરી નાખ્યુ હતું. આ ઉપરાંત બેંકના ખાતાધારકો માટે નાણાં ઉપાડવા માટે રૂપિયા ૫૦,૦૦૦ની મર્યાદા લાદી હતી.

પૂર્વ ચેરમેન
પહેલા પાનાથી ચાલુ

ઈડી દ્વારા એક કોર્પોરેટ કંપનીને બેંક દ્વારા લોન આપવાના અને તેના બદલામાં રાણા કપૂરની પત્નીના બેંક એકાઉન્ટમાં લાંચ લેવાના એક આરોપમાં તપાસ શરુ કરવામાં આવી છે.

મની લોન્ડરિંગના આરોપ સાથે ડીએચએફએલ કંપનીનો કેસ પણ જોડાયેલો છે. આ કંપનીને અપાયેલી લોન એનપીએ થઈ ચુકી છે.આ સિવાય પણ કેટલીક ગેરરીતિઓની તપાસ થઈ રહી છે.

જયાપ્રદા
પહેલા પાનાથી ચાલુ

પ્રદાને પરાજિત કરનાર આઝમ ખાને પ્રચાર દરમિયાન તેમના પર અભદ્ર ટિપ્પણી કરી હતી. આ કારણે ચૂંટણી પંચે આઝમ ખાન પર ૭૨ કલાક માટે પ્રતિબંધ મૂક્યો હતો. જયા પ્રદાએ ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા.

મહારાષ્ટ્ર મુખ્યમંત્રી
પહેલા પાનાથી ચાલુ

આ બંને કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા છે.

ઉદ્ધવ ઠાકરેએ પ્રેસ કોન્ફરન્સ સંબોધી જણાવ્યું કે હું અહીં રામલલ્લાના આશિર્વાદ લેવા આવ્યો છું. છેલ્લા દોઢ વર્ષમાં આ મારી ત્રીજી અયોધ્યા મુલાકાત છે. હું વારંવાર અયોધ્યા આવતો રહીશ. તેમણે કહ્યું કે અહીં ભગવાન રામનું મંદિર બનાવવાની જવાબદારી આપણા સૌની છે. મંદિર એવું ભવ્ય બનવું જોઈએ કે તે સમગ્ર દુનિયા જૂએ.

ઉદ્ધવ ઠાકરેએ પત્રકારોના સવાલનો જવાબ આપતાં કહ્યું કે હું ભાજપથી અલગ થયો છું, હિંદુત્વથી નહીં. ભાજપનો મતલબ હિંદુત્વ નથી. હિંદુત્વ અલગ છે, ભાજપ અલગ છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ કે સીએમ યોગીને અપીલ છે કે અમને અયોધ્યામાં થોડી જમીન આપે. અમે અયોધ્યામાં એ જમીન પર મહારાષ્ટ્ર ભવન બનાવીશુ. મહત્વનું છે કે ઉદ્ધવ ઠાકરેની આ ત્રીજી અયોધ્યા મુલાકાત છે. આ પહેલા ઉદ્ધવ ઠાકરે લોકસભા ચૂંટણી પહેલા અને ચૂંટણી બાદ અયોધ્યાની મુલાકાત લઇ રામલલ્લાના દર્શન કર્યા હતા.

શ્રીરામ જન્મભૂમિ મંદિરના સંત આચાર્ય સત્યેન્દ્ર દાસે જણાવ્યું કે રામલલ્લાના દર્શન કરી ઉદ્ધવ ઠાકરે તેમને મહારાષ્ટ્રની પ્રજાએ જે જવાબદારી સોંપી છે તે સુપેરે નિભાવે તેમજ હિન્દુત્વની વિચારધારાને આગળ ધપાવે. બીજી તરફ તપસ્વી છાવણીના આચાર્ય પરમ હંસ દાસે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરવા મુદ્દે ઉદ્ધવ પર નિશાન સાધ્યું હતું. પરમ હંસ દાસે કહ્યું કે શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેએ કંડારેલી હિન્દુત્વની વિચારધારાને કોરાણે મુકી ફક્ત સત્તા માટે ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું છે. રામલલ્લાના દર્શન બાદ ઉદ્ધવ ફરી હિન્દુત્વની વિચારધારા પર પરત ફરે તેવી સૌ સંતોને આશા છે તેમ પરમ હંસ દાસે કહ્યું હતું.

અફઘાનિસ્તાન
પહેલા પાનાથી ચાલુ

આતંકવાદી હુમલો એ સમયે થયો છે કે જ્યારે અમેરીકા અને તાલીબાન વચ્ચે શાંતિ સમજૂતી પર કરાર થયા છે. જેની નીચે અમેરીકાએ તેની સેનાને નિકાળવા તૈયાર થયો છે. અમેરીકાએ તાલીબાન પર આતંકી સંગઠનોથી સંબંધ ખત્મ કરવાની શરત પણ મૂકી છે.

બિહારમાં જીવલેણ
પહેલા પાનાથી ચાલુ

વહેલી પરોઢે થયો છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનો ભોગ બનેલી સ્કોર્પિયો ગાડીનું રજિસ્ટ્રેશન ઉત્તર પ્રદેશમાં થયેલું હોવાનું સામે આવ્યું છે. હાલ ત્રાઝમ્ની મદદથી અકસ્માત ગ્રસ્ત ટ્રેક્ટર અને સ્કોર્પિયોને રોડ પરથી દૂર કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. જેથી રોડ પરથી વાહનોની અવરજવર થઈ શકે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એસ. જયશંકર
પહેલા પાનાથી ચાલુ

શરણ આપ્યું છે જેમની પાસે કોઇ નાગરિકતા ન હતી.

આ દરમિયાન તેમણે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના નિદેશકની અસહમતિ જતાવવા વિશે સવાલ પૂછવામાં આવ્યો. જયશંકરે કહ્યું, તેઓ પહેલા પણ ઘણા મુદ્દાઓ પર ખોટી રહી છે. મેં જમ્મુ-કાશ્મીર પર તેમનો રિપોર્ટ જોયો છે. કેટલી સરળતાથી તેઓ બોર્ડર પારના આતંકવાદની વાતથી દૂર જતી રહે છે. એવું લાગે છે કે પાડોસના દેશમાં શું થઇ રહ્યું છે તેનાથી તેમને કોઇ લેવાદેવા નથી. શું ભારત તેના મિત્ર દેશો ગુમાવી રહ્યું છે? તેના જવાબમાં વિદેશમંત્રીએ કહ્યું કદાચ હવે ભારત તેના સાચા મિત્રોને ઓળખી રહ્યું છે. એક સમયે જોખમ બહુ હતા, આપણી ક્ષમતાઓ ઓછી હતી. ત્યારે આપણે દુનિયાને મેનેજ કરવાની રણનીતિ અપનાવી. પરંતુ હવે તે ન કરી શકાય. ભારત દુનિયાની પમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. એક દિવસે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જઇશું. દુનિયા બદલી રહી છે, હવે આપણે દુનિયાને બીજી રીતે સંભાળવી પડશે.

રાજ્ય સરકારનો નવતર અભિગમ

ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યનુ પ્રથમ એસ.એ.ડી.એસ. સેન્ટર સ્થપાશે

સ્કૂલ ઓફ એડવાન્સ ડિફેન્સ સ્ટડીઝની સુવિધામાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિફેન્સ સાયન્ટિસ્ટ ટેકનોલોજીસ્ટ અને રાજ્ય સરકાર વચ્ચે એમઓયુ

ગાંધીનગર

રાજ્યમા સંરક્ષણ સંબંધિત ઉદ્યોગોની ભાગીદારી થકી રોજગારીનુ નિર્માણ થાય તે માટે રાજ્ય સરકાર માટે નવતર અભિગમ દાખવીને ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યનુ પ્રથમ સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડીઝ (એસ.એ.ડી.એસ.) સેન્ટર સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માએ આ અંગે વિગતો આપતા કહ્યુ હતુ કે આ સેન્ટરના નિર્માણ માટે નવી દિલ્હી ખાતે સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડીઝની સુવિધા માટે રાજ્ય સરકાર અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિફેન્સ સાયન્ટિસ્ટ અને ટેકનોલોજીસ્ટ (આઈ.ડી.એમ.ટી.) સાથે નવી દિલ્લી ખાતે એમ.ઓ.યુ કરાયા છે. તેમણે ઉમેર્યુ હતુ કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમના માર્ગદર્શન હેઠળ આ નવીન અભિગમ થકી સંરક્ષણ સંબંધિત ઉદ્યોગોની ભાગીદારી થકી રોજગારીની તકો માટે રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને ઉદ્યોગને યોગ્ય રીતે જોડાણ કરવામાં કારગર સાબિત થશે. ગુજરાત સરકાર અને આઈડીએસટી પરસ્પર રીસોર્સ પર ઉપલબ્ધ કરી સંસાધનોની વહેંચણી કરશે અને ગુજરાતમાં સંરક્ષણ-સંબંધિત પ્રયત્નોને મજબૂત કરવા માટે ગુજરાત સરકારના આઈડીએસટી અને નાણાકીય સંસાધનો અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.

આ પ્રસંગે ડીઆરડીઓના અધ્યક્ષ સત્યેશ રેડ્ડી, ગુજરત સરકારના એરો એન્ડ ડીફેન્સ એડવાઝર શ્રી એર માર્શલ આર. કે ધીર, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, પ્રોફેસર ડો. હિમાંશુ પંડ્યા, ડાયરેક્ટર જનરલ આઈઆઈટી-રામ ડો. શિવા પ્રસાદ, , અને ડિરેક્ટર અવબોધ નોલેજ ફાઉન્ડેશન લિમિટેડ,શ્રી રવિન વ્યાસ, એમઓયુ પર હસ્તાક્ષર દરમિયાન હાજર રહ્યા હતા. આઈડીએસટી વિદ્યાર્થીઓને ઉદ્યોગની ભાગીદારી અને રોજગારીની તકો માટે ગુજરાત સરકાર સાથે પરામર્શ કરીને ઉદ્યોગને યોગ્ય રીતે જોડણ કરવામાં કારગર સાબિત થશે. ગુજરાત સરકાર અને આઈડીએસટી પરસ્પર રીસોર્સ પર ઉપલબ્ધ કરી સંસાધનોની વહેંચણી કરશે અને ગુજરાતમાં સંરક્ષણ-સંબંધિત પ્રયત્નોને મજબૂત કરવા માટે ગુજરાત સરકારના આઈડીએસટી અને નાણાકીય સંસાધનો અને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.

ટ્યુશનની ટેસ્ટમાં ઓછા માર્કસ આવતા વિદ્યાર્થિનીએ આપઘાતનો પ્રયાસ કર્યો

વડોદરા

ધોરણ-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીના ટ્યુશન ક્લાસમાં લેવાતા ટેસ્ટમાં ઓછા માર્કસ આવતા એક સાથે મેલેરીયાની ૧૮ ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગોળીઓ ખાધા બાદ પેટમાં દુખાવો થતાં સયાજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

વડોદરા શહેરના કરોડીયા રોડ ઉપર આવેલા જલારામ નગરમાં રહેતી રાજેશ્વરી રમેશભાઈ બારીયા(૧૭) ધોરણ-૧૧માં અભ્યાસ કરે છે. સારા પરિણામ માટે ખાનગી ટ્યુશન ક્લાસમાં જાય છે. ટ્યુશન ક્લાસમાં એક્ઝામ ટેસ્ટ લેવામાં આવ્યો હતો. જેમાં તેના માર્કસ ઓછા આવતા તેણે આઘાત લાગ્યો હતો. જેના કારણે તેણે મેલેરીયાની એક સાથે ૧૮ ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગોળીઓ ખાઈ લીધા બાદ પેટમાં દુખાવો થતાં અને ગભરામણ થતાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

કોરોના વાયરસ:મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના સ્ટાફને હોમિયોપેથિક દવા અપાઈ

ગાંધીનગર

ગુજરાતમાં શંકાસ્પદ કોરોના વાયરસનાં કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક થઈ રહ્યું છે. ગુજરાતમાં સતત સીએમ રૂપાણીની અધ્યક્ષતામાં કોરોના વાયરસનું મોનિટરિંગ થઈ રહ્યું છે. તેવામાં સચિવાલય દ્વારા પણ કોરોના વાયરસને પગલે સતર્કતા જાળવવામાં આવી રહી છે. તો સીએમ સહિત મંત્રીઓનાં સ્ટાફ અને પરિવારજનોને કોરોના વાયરસની હોમિયોપેથિક દવા આપવામાં આવી છે .

કોરોના વાયરસને લઈને સચિવાલય ખાતે સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યા છે. કોરોના વાયરસને લઈને મુખ્યમંત્રીથી લઈને મંત્રી મંડળનાં સ્ટાફ અને તેમનાં પરિવારજનો માટે હોમિયોપેથી દવા આપવામા આવી છે. સચિવાલય દ્વારા હોમિયોપેથી દવા આર્સેનિક આલ્બમ ૩૦ પોટેશિયમ દવા આપવામા આવી છે. હોમિયોપેથીમાં આર્સેનિક આલ્બમ ૩૦ પોટેશિયમ દવાનો ફલૂ વાયરસ સામે ઉપયોગ કરવામાં આવે છે. આર્સેનિક આલ્બમ ૩૦ પોટેશિયમની ૪ ગોળી સવાર-સાંજ ત્રણથી સાત દિવસ સુધી લેવાની હોય છે.

કોરોના વાઈરસને કારણે ચાઈનીઝ પિચકારી-ફુગ્ગાનાં વેચાણ પર ૬૦ ટકાનો ઘટાડો

અમદાવાદ

વિશ્વભરમાં હાલ કોરોના વાઈરસનો કહેર વરસી રહ્યો છે. ચીનથી શરૂ થયેલો વાઈરસ ૩૦થી વધુ દેશોમાં ફેલાયો છે. વાઈરસના પગલે વેપારી-ધંધાદારીઓને મોટો ફટકો વાગ્યો છે. બે દિવસ બાદ હોળીનો તહેવાર છે. દર વર્ષે હોળીના તહેવારમાં ચાઈનીઝ પિચકારી તેમજ ફુગ્ગા સહિતની માંગ વધારે હોય છે. ત્યારે આ વર્ષે વાઈરસને પગલે ચાઈનીઝ વસ્તુઓનો આયાત બંધ થતા પિચકારી સહિતની વધુઓની મોટી અછત જોવા મળી છે. જેના કારણે હાલ અમદાવાદ સહિત રાજયભરમાં ચાઈનીઝની જગ્યા પર ભારતમાં બનેલી પિચકારીઓ વધારે વેચાતી દેખાઈ રહી છે. આ વર્ષે પબજી, નરેન્દ્ર મોદી સહિતની પિચકારીઓ ટ્રેન્ડમાં ચાલી રહી છે.

વર્ષોથી અમદાવાદમાં સિઝનલ વેપારીએ જણાવ્યું કે, ધીરે-ધીરે ચાઈનીઝ પિચકારીમાં ઘટાડો થઈ રહ્યો છે. હવે મોટાભાગે ભારતમાં જ પિચકારી બની રહી છે. તેમજ ભારતીય પિચકારીનું ચલણ પણ વધી રહ્યું છે. પરંતુ આ વખતે કોરોના વાઈરસના કારણે ચાઈનીઝ વસ્તુઓમાં અછત જોવા મળી છે. ડિસેમ્બર બાદ પિચકારી સહિતનો માલ આવવાનો બંધ થઈ ગયો છે. આ વર્ષ ચીનથી ૪૦ ટકા જેટલો માલ ગુજરાત ખાતે આવેલો છે. એટલે કે, ચાઈનીઝ પિચકારીના આયાતમાં ૬૦ ટકા જેટલો ઘટાડો થયો છે.

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ: જાણો કેમ આઠ માર્ચે જ ઉજવાય છે

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ દર વર્ષે આઠ માર્ચે ઊજવવામાં આવે છે. મહિલા દિવસની શરૂઆત આમ તો ૧૯૦૮માં થઈ હતી, પણ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૧૯૭૫માં માન્યતા આપવામાં આવી હતી. દર વર્ષે મહિલા દિવસને અલગ-અલગ થિમ પર મનાવવામાં આવે છે. વર્ષે મહિલા દિવસની થિમ "I am Generation Equality: Realizing Women's Rights" (હું જાતિ સમાનતામાં માનું છું: મહિલાઓના અધિકારની અનુભૂતિ કરું છું)' છે. જેનો અર્થ મહિલાઓને તેમના હકો પ્રત્યે જાગ્રત કરવાનો અને જેન્ડર ઈક્વાલિટી (જાતિ સમાનતા) પર વાત કરવાનો છે.

૧૯૦૮માં એ મજૂર આંદોલન પછી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શરૂઆત થઈ હતી. વાસ્તવમાં ન્યુ યોર્કમાં અનેક મહિલાઓએ મોરચો કાઢીને નોકરીના કલાકો ઓછા કરવાની અને પગાર વધારવાની માગ કરી હતી. મહિલાઓને એ આંદોલનમાં સફળતા મળી અને એના પછીના વર્ષે સોશિયલિસ્ટ પાર્ટી ઓફ અમેરિકાએ આ દિવસને રાષ્ટ્રીય મહિલા દિવસ જાહેર કર્યો

૧૯૧૭માં પહેલા વિશ્વ યુદ્ધ દરમ્યાન રશિયાની મહિલાઓએ બ્રેડ અને પીસ માટે હડતાળ કરી હતી. મહિલાઓએ તેમની હડતાળ દરમ્યાન તેમના પતિઓની માગને ટેકો આપવા માટે ના પાડી દીધી અને યુદ્ધને છોડવા માટે રાજી કરી લીધા. ત્યાર બાદ ત્યાંના સમ્રાટ નિકોલેસે તેમનું પદ છોડવું પડ્યું હતું અને છેવટે મહિલાઓને મતદાનનો અધિકાર પણ આપવામાં આવ્યો. રશિયાની આ મહિલાઓ દ્વારા ૨૮ ફેબ્રુઆરીએ આ વિરોધ કરવામાં આવ્યો હતો, જ્યારે યુરોપમાં મહિલાઓએ આઠ માર્ચે પીસ ચળવળકારોને ટેકો આપવા રેલીઓ કાઢી હતી. આને કારણે આઠ માર્ચે આંરરાષ્ટ્રીય મહિલા દિવસની શરૂઆત થઈ.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું મુખ્યત્વે મહિલાઓ દ્વારા અલગ-અલગ ક્ષેત્રોમાં તેમના યોગદાનના લીધે મનાવવામાં આવે છે. આ સિવાય મહિલાઓ લઈને સમાજના લોકોને જાગ્રત કરવા, મહિલાઓને તેમના અધિકારો પ્રતિ જાગરૂક કરવા અને તેમને પ્રેરિત કરવા આ દિવસ મહત્ત્વપૂર્ણ છે. એટલા માટે મહિલા દિવસે અલગ-અલગ થિમ રાખવામાં આવે છે.

'મારા પર મેલી વિદ્યા કરાવે છે', તેવો વ્હેમ રાખી યુવકે સગા કાકાનું ઢીમ ઢાળી દીધું

આણંદ

આણંદ પાસેના લાંભવેલ ગામ સ્થિત અમર કોલ્ડ સ્ટોરેજ પાસે વલ્લભવિદ્યાનગરમાં રહેતા પ્રેમજીભાઈ ભાટીયાનો મોટો ભાઈ ભોજાભાઈ અગાઉ પોતાનાં પરિવાર સાથે ચકલાસી ગામે રહેતો હતો પરંતુ છેલ્લા કેટલાક ૨૦ દિવસથી તે પોતાનાં પરિવાર સાથે પ્રેમજીભાઈની સાથે રહેવા આવ્યો હતો. ભોજાભાઈનો પુત્ર જગદીશ પબજી રમત રમતો હતો અને જેનાં કારણે તેને સતત કોઈ મારી નાખશે તેમ લાગતું હતું જેને લઈને પ્રેમજીભાઈએ જગદીશને સારુ થાય તે માટે ભુવા મંદીરો કર્યા હતા. જેને લઈને જગદીશને લાગતું હતું કે મારા કાકા પ્રેમજીભાઈ મારી પર મેલી વિદ્યા કરાવી મને મારી નાખવા માંગે છે.

જગદીશ સલુણ ગામે પોતાનાં સગાનાં ઘરે ગયો હોઈ પ્રેમજીભાઈ મોટરસાયકલ લઈને જગદીશને લેવા સલુણ ગામે ગયા હતા અને જગદીશને મોટર સાયકલ પાછળ બેસાડીને સલુણથી વલ્લભવિદ્યાનગર જઈ રહ્યા હતા ત્યારે રાત્રીનાં નવ વાગ્યાનાં સુમારે લાંભવેલ ગામ નજીક જગદીશ અને પ્રેમજીભાઈ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેથી જગદીશએ પેસાબ કરવાનાં બહાને મોટરસાયકલ ઉભી રખાવીને પ્રેમજીભાઈ પર ચપ્પુ વડે હુમલો કરીને ગળા અને છાતીનાં ભાગે ચપ્પુનાં ઘા ઝીંકયા હતા.

જેથી પ્રેમજીભાઈ જીવ બચાવવા મોટર સાયકલ લઈને ભાગ્યા હતા. પરંતુ લોહી વહી જવાનાં કારણે અમર કોલ્ડ સ્ટોરેજ સામે ઢળી પડયા હતા અને ત્યારબાદ જગદીશએ પ્રેમજીભાઈની પત્નીને પણ ફોન કરી ચપ્પુ માર્યું હોવાનું જણાવતા તેનાં પરિવારજનો ધટના સ્થળે દોડી ગયા હતા અને ગંભીરપણે ઘવાયેલા પ્રેમજીભાઈને ત્વરીત સારવાર માટે હોસ્પીટલમાં લઈ જતા તેઓનું મોત નિપજયું હતું. આણંદ ગ્રામ્ય પોલીસે ગણતરીનાં સમયમાંજ હત્યા કરી ફરાર થઈ ગયેલા આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ડમી શિક્ષક કૌભાંડ: પ્રાથમિક શાળાના આચાર્ય, CRC, BRC અને TPO સસ્પેન્ડ

છોટાઉદેપુર

બોડેલીને અડીને આવેલા મંજીપુરા ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં ત્રિમૂર્તિરાજન ચોકસી મુખ્ય શિક્ષક તરીકે નોકરી કરે છે. પરંતુ આ શિક્ષક પોતે સવારમાં સહી કરીને નીકળી જતા હતા અને તેમના બદલે બોડેલીના સીઆરસી વિપુલ પટેલના પત્ની પાયલ પટેલ મુખ્ય શિક્ષક ત્રિમૂર્તિ ચોકશીના બદલે શિક્ષણકાર્ય કરાવતા હતા આ અંગેની માહિતી રાજયના શિક્ષણ સચિવ વિનોદ રાવને થતા તેઓએ જિલ્લા વિકાસ અધિકારી મિહિર પટેલને રેડ કરવાની સૂચના આપી હતી. જેને લઈને જિલ્લા વિકાસ અધિકારી મિહિર પટેલ મંજિપુરા પ્રાથમિક શાળામાં પહોંચ્યા હતા જયા પાંચમા ધોરણમાં ભણાવતા મહિલા પાયલ પટેલ શિક્ષણકાર્ય કરાવતા હતા, અને મુખ્ય શિક્ષક શાળામાં હાજર ન હતા. જે અંગે જીલ્લા વિકાસ અધિકારીએ મહિલા પાયલ પટેલની પૂછપરછ કરતા ઘણા સમયથી મુખ્ય શિક્ષક ત્રિમૂર્તિ ચોકસીના બદલામાં શિક્ષણ કાર્ય કરાવતા હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી.

છોટાઉદેપુર જીલ્લા વિકાસ અધિકારીએ આ અંગેની તપાસ કરતા મુખ્ય શિક્ષક ત્રિમૂર્તિ ચોકસી નોકરીમાં લાગ્યા ત્યારથી જ નોકરીમાં અનિયમિત રહેતા હોવાની ચોંકાવનારી વિગત સામે આવી હતી. જેને લઈને જીલ્લા વિકાસ અધિકારીએ ઊંડાણપૂર્વક કરેલી તપાસનો અહેવાલ રાજયના શિક્ષણ સચિવને મોકલતા મંજિપુરા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ત્રિમૂર્તિ ચોકસી, સીઆરસી વિપુલ પટેલ, બીઆરસી ધીરુભાઈ ગજેરા અને તાલુકા શિક્ષણાધિકારી અરવિંદ રાઠવાને તાત્કાલિક સસ્પેન્ડ કરવાનો હુકમ કરતા શિક્ષણ જગતમાં હડકંપ મચી ગયો છે. જ્યારે ગેરકાયદે શિક્ષણકાર્ય કરાવતી મહિલા સામે પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવાની વાત જીલ્લા વિકાસ અધિકારી મિહિર પટેલે જણાવી હતી.

ધ્રોલમાં યુવાનની હત્યા કરવા શાર્પ શૂટરો રાજસ્થાનથી બોલાવ્યા હતા, ૨ની ધરપકડ

જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલમાં શુક્રવારની બપોરે જાહેરમાં ફાયરિંગ થયુ હતું દિવ્યરાજસિંહ ઉર્ફે દિવુભા જાડેજા ધ્રોલના ત્રિકોણબાગ નજીક પોતાની કારમાં બેસવા માટે જતા હતા, ત્યારે તેના પર ફાયરિંગ કરવામાં આવ્યુ હતું અને તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા પોલીસે રાજકોટ રેન્જમાં નાકાબંધી કરી અને આરોપીઓની કારના નંબરને આધારે શોધખોળ કરી.દરમિયાન આ નંબરની કાર ટંકારા તરફથી મોરબી શહેરમાં આવી હોવાની બાતમીના આધારે પોલીસે તેને રોકી હતી. પહેલા તો આ શખ્સોએ કાર પોલીસ પર ચડાવવાનો પ્રયાસ કર્યો બાદમાં પોલીસે આ કારમાં રહેલા બંન્ને શખ્સો અનિરુધ્ધસિંહ સોઢા અને મુસ્તાક પઠાણને ઝડપી પાડ્યા હતા. આ બંન્ને શખ્સોએ હત્યાની કબૂલાત કરી હતી. જ્યારે તેની સાથે રહેલા બે શાર્પશૂટરો સોનુ



અને બબલુ રસ્તામાં ઉતરી ગયા હોવાનું સામે આવ્યુ હતુ. પોલીસે બંન્ને શખ્સોને પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે હથિયારોની સપ્લાય કરનાર હરિયાણાના પલવલના રહેવાસી અજીત ઠાકુરને હરિયાણા પોલીસને માહિતી આપી પકડી પાડ્યો છે, જેનો કબ્જો લેવા ટીમને હરિયાણા મોકલી આપી છે.

પોલીસના કહેવા પ્રમાણે દિવ્યરાજસિંહ અને અનિરુધ્ધસિંહ વચ્ચે ઝગડો ચાલતો હતો, જેનો ખાર રાખીને હુમલાનું કાવતરૂ ઘડ્યુ હતુ. આ કાવતરામાં ઓમદેવસિંહ જાડેજા કે, જેમને દિવ્યરાજસિંહ સાથે જમીનના ઝધડો ચાલતો હતો. તે પણ જોડાયો હતા. બંન્નેએ આ માટે રાજસ્થાનથી સોનુ અને બબલુ નામના બે શાર્પશૂટરો બોલાવવામાં આવ્યા હતા. જ્યારે હથિયારો હરિયાણાના પલવલ રહેતા અજીત ઠાકુર પાસેથી મંગાવવામાં આવ્યા હતા. ધ્રોલ રહેતા નરેન્દ્રસિંહ ઉર્ફે કાનો નામના શખ્સે રેકી કરી હતી અને તેને આપેલા સમય અને સ્થળે જ્યારે દિવ્યરાજસિંહ પહોંચ્યો ત્યારે શાર્પશૂટર અને અનિરુદ્ધસિંહે જાહેરમાં ફાયરિંગ કરીને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

MGVCLએ દંડ ફટકારતા યુવાનની પરિવાર સાથે આત્મવિલોપનની ચીમકી

મહીસાગર

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના માલણપુર ગામ રહેતા મણિલાલ દલાભાઈ નિનામાના ઘરે થોડા દિવસ અગાઉ એમજીવીસીએલના કર્મચારીઓ ચેકિંગ કરવા આવ્યા હતા. તમે દુકાનનુંમીટર અલગ લીધુંનથી તેમ કહીને એમજીવીસીએલના કર્મચારીઓએ ૧૩,૨૬૬ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. માલણપુર ગામમાં નિનામા મણિલાલ નાનકડી દુકાન ચલાવે છે. અને પરિવારનું ગુજરાન ચલાવવા માટે રોજ ૧૦૦થી ૨૦૦ રૂપિયાની છૂટક મજૂરી કરવા જાય છે. તેમ છતાં ૧૪ હજાર રૂપિયા ભરવા માટેની નોટિસ આપવામાં આવી છે.

ગરીબ વ્યક્તિ ૧૩,૨૬૬ રૂપિયા કેવી રીતે ભરી શકે તેવી રજૂઆત કરવા માટે મણિલાલ એમજીવીસીએલમાં રજૂઆત કરવા ગયા હતા. જોકે તમારે તો રૂપિયા ભરવા પડશે તેમ જણાવ્યું હતું. જેથી મણિલાલે આજેપરિવાર સાથે મામલતદાર ક્યેરીમાં પહોંચી ગયા હતા. અને ખોટી રીતે ૧૩,૨૬૬ રૂપિયાનો દંડ આપવામાં આવ્યો હોવાની મામલાદાર સમક્ષ રજૂઆત કરી હતી. મણિલાલ નિનામાએ મામલતદારને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, જો મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા મને ન્યાય નહીં મળે, તો હું મારા પરિવાર સાથે મધ્ય ગુજરાત વીજ કંપનીમાં જ આત્મવિલોપન કરીશ અને જેની જવાબદારી વીજ ક્યેરી, અધિકારી અને તંત્રની રહેશે.

ગુરૂકુલમાં ધો-૧૦ની પરીક્ષા આપતો ડમી વિદ્યાર્થી ઝડપાયો

રાજકોટ

હાલ ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે, ત્યારે રાજકોટમાં આજે વધુ એક ડમી વિદ્યાર્થી ઝડપાયો છે. ગોંડલ રોડ પર આવેલી સ્વામિનારાયણ ગુરૂકુલમાં ધો-૧૦માં વિજ્ઞાનના વિષયમાં પરીક્ષા આપતો ડમી વિદ્યાર્થી ઝડપાયો છે. રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી. ગોંડલ એમબી કોલેજ પરીક્ષામાં ભાજપ અગ્રણી અલ્પેશ ઢોલરીયાનું ડમી કાંડ હજુ સમ્યુ નથી. ત્યાં નેશનલ હાઈવે ગુરુકુળ ખાતે ધોરણ-૧૦ની પરીક્ષામાં ડમી વિદ્યાર્થી પકડાતા શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

ગોંડલ નેશનલ હાઈવે પર આવેલા સ્વામીનારાયણ ગુરૂકુળમાં સંગ્રામસિંહજી હાઈસ્કૂલના ધો-૧૦ના વિદ્યાર્થીના બદલે પરીક્ષા આપવા ડમી તરીકે તેનો ભાઈ બેઠો હતો. જેની પરીક્ષાની રિસીપ્ટમાં ચેકચાક જણાતા સુપરવાઈઝરે ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. જેથી જિલ્લા શિક્ષણ અધિકારી ઉપાધ્યાય સહિતના અધિકારીઓ પરીક્ષા સ્થળ પર દોડી ગયા હતા અને તપાસ કરતા ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો. આ સાથે ડમી વિદ્યાર્થીએ પોતે પોતાના ભાઈના બદલે પરીક્ષા આપી રહ્યો હોવાનું કબૂલ્યું હતું અને રિસીપ્ટમાં ચેક કરીને ફોટો બદલી ખોટા સહી સિક્કા કરી હોવાનું જણાવ્યું હતું. જેથી શિક્ષણાધિકારીએ પોલીસ ફરિયાદ કરવા તજવીજ હાથ ધરી હતી.

પોલીસ વેરિફિકેશન વગર સ્કૂલવર્ધી કરનાર ડ્રાઈવર અને શાળા સામે કડક કાર્યવાહી થશે

અમદાવાદ

રાજ્યમાં છેલ્લા એક-બે વર્ષથી સ્કૂલ વાન તેમજ બસની અકસ્માતો તેમજ બાળકો સાથેના દુર્વ્યવહારની ઘટના વધી રહી છે. જેને ધ્યાનમાં લેતા કેન્દ્ર સરકારે સ્કૂલ બસ, રિક્ષા તેમજ વાનના ડ્રાઈવર તેમજ તેની સાથે કામકરનારનું પોલીસ વેરિફિકેસન કરવાનો આદેશ કર્યો છે. સાથે જ જે પણ શાળા આ બાબતને ગંભીરતાથી નહીં લે તેમની સાથે કડક પગલા લેવામાં આવશે તેવો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. સ્કૂલ ડ્રાઈવર તેમજ તેના સહયોગીને દર બે વર્ષે પોલીસ વેરિફિકેશન કરાવવું જરૂરી છે.

કેન્દ્રના માનવ સંસાધાન વિકાસ મંત્રાલયે બાળકો સાથે થતા દુર્વ્યવહારને ધ્યાનમાં લેતા તેઓની સલામતી માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને સૂચના આપી છે. જેથી રાજ્ય સરકારે પણ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી દીધી છે. સ્કૂલ વાન, બસ તેમજ રિક્ષાના ડ્રાઈવરનું પોલીસ વેરિફિકેશન થયું છે કે કેમ તેની જવાબદારી શાળાની રહેશે. જો સ્કૂલ આ કાયદાનું અમલ નહીં કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ વર્કશોપ યોજાયો



એનટીસીપી વર્કશોપમાં તમાકુ વ્યસન મુક્તિ અંગે વિસ્તૃત સમજ આપીને તમાકુ વ્યસન મુક્તિ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સતીશ મકવાણા અને જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો ચિંતન દેસાઈના માર્ગદર્શન મુજબ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ (એન.ટી.સી.પી) અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે વર્કશોપ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત લોકોને તમાકુ વ્યસન મુક્તિ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ઉપસ્થિત લોકોએ તમાકુ વ્યસન મુક્તિ પ્રતિજ્ઞા લીધી હતી અને પ્રાથણિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો.સંગીતા પટણી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. એન.ટી.સી.પી વર્કશોપમાં તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામના નીલકંઠ વાસુકિયા, ડો.વિપલ મોરડીયા, જયેશ પાવરા સહિત મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, વિશ્વમાં દર વર્ષે તમાકુના કારણે ૫૫ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે અને ભારતમાં દર વર્ષે ૧૦ લાખ લોકો તમાકુના કારણે મૃત્યુને ભેટે છે. જે અઈડ્સ, ક્ષય રોગ અને મેલેરીયા ત્રણેય રોગોથી મૃત્યુ પામતા લોકોની કુલ સંખ્યા કરતા પણ વધુ છે. ભારતમાં તામાકુના સેવનથી દરરોજ મૃત્યુ પામતા લોકોની સંખ્યા ૨૭૦૦થી પણ વધુ છે અને દર મિનિટે બે વ્યક્તિ મૌત ને ભેટે છે. ભારતમાં કેન્સરના ૧૦૦ દર્દીઓ પૈકી ૪૦ દર્દીઓ તમાકુ સાથે સંકળાયેલા હોય છે. મોઢાના કેન્સરના લગભગ ૯૫ ટકા જેટલા કેસો તમાકુના સેવનના લીધે થાય છે. પ્રત્યેક સિગારેટ એક વ્યક્તિના ૧૧ મિનિટ જેટલા જીવનનો ઘટાડો કરે છે. આશરે ૧૮ ટકા હાયરફિલ્ડના વિદ્યાર્થીઓ સિગારેટ અને તમાકુનું સેવન કરે છે. દસમાંથી નવ ફેફસાના કેન્સર માટે તમાકુ જવાબદાર હોય છે. તમાકુનું સિગારેટ,બીડી,ગુટખા અને હુક્કા જેવા ઘણા બધા સ્વરૂપોમાં સેવન કરવામાં આવે છે.તમાકુમાં નિકોટીન નામનો એક અત્યંત નશાવાળો પદાર્થ હોય છે. નિકોટીન થોડા સમય માટે ખુબ આનંદ આપે છે પરંતુ લાંબા સમયે તે હદય,ફેફસાં, પેટ અને જ્ઞાનતંતુઓ પર વિપરીત અસર કરે છે. વ્યક્તિને શારીરિક અને ભાવનાત્મક રૂપે નિકોટીન નું વ્યસન થઈ જાય છે અને તેના કારણે ઘણી બધી સ્વાસ્થ્યની ગંભીર અસર ઘેરી વળે છે. તમાંકુના સેવનથી ઉધરસ સાથે ગળામાં બળતરાની શરૂઆત થવી, શ્વાસમાંથી ગંધ આવવી અને કપડાંમાંથી ગંધ આવવી, ચામડી કરચલીવાળી થવી, કેન્સર, દાંતો પીળાં થઈ જવા, ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે હદયની બિમારી, શ્વાસનળીમાં સોજો આવવો, ન્યુમોનિયા, આંચકા આવવાં જેવી તમાકુની ખરાબ અસરો થઈ શકે છે.

ભાજપના પૂર્વ ધારાસભ્ય બગલામુખીના પાખંડી પાસે વિધી કરાવવા જતા હતા, વીડિયો વાયરલ

વડોદરા

બગલામુખીની વિધીના નામે લોકો સાથે લાખ્ખોની ઠગાઇ કરનાર પાંખડી પ્રશાંત ઉપાધ્યાયના દરબારમાં કરજણના ભાજપના માજી ધારાસભ્ય સતીષ પટેલ(નિશાળીયા) પણ જતા હતા. ઠગ પ્રશાંતની પાપલીલાનો પર્દાફાશ થયા બાદ માજી ધારાસભ્યનો પાંખડીના દરબારમાં હાજરી આપતો વીડિયો વાઈરલ થયો છે.

બગલામુખીની વિધીના નામે વેપારી સાથે રૂપિયા ૨૧.૮૪ લાખની છેતરપિંડી કરનાર પાંખડી પ્રશાંત ઉપાધ્યાય સામે ફરિયાદ નોંધાઇ હતી. જે ફરિયાદ બાદ પ્રશાંત સામે ફરિયાદો નોંધાઇ હતી. સાથે તેઓના દરબારમાં કોણ-કોણ જતા હતા. તેની વિગતો અને તેઓની હાજરીના વીડિયો અને ફોટો બહાર આવી રહ્યા છે. જેમાં કરજણના માજી ધારાસભ્ય સતિષ પટેલ (નિશાળીયા)ની હાજરીના ફોટા અને વીડિયો વાયરલ થયા છે.

ગત વિધાનસભાની ચૂંટણી દરમિયાન સતીષ પટેલ(નિશાળીયા) પાખંડી પ્રશાંત ઉપાધ્યાયના આશ્રમમાં ગયો હતો. અને પોતાની જીત માટે તાંત્રિક વિધી કરાવી હતી. ઉલ્લેખનિય છે કે, પાંખડી પ્રશાંત ઉપાધ્યાયના દરબારમાં જનાર પીળા કલરના પોષાક પહેરીને જવાનું હોય છે. ત્યારે માજી ભાજપાના માજી ધારાસભ્ય સતીષ નિશાળીયા પણ પીળા વસ્ત્રો પહેરીને પાંખડી પ્રશાંત ઉપાધ્યાયના દરબારમાં જતા હતા.

કે.સી.પટેલના પુત્રની ગેરકાયદે નિમણૂક અંગે કિરીટ પટેલે લખ્યો સીએમને પત્ર

પાટણ

ભાજપના પ્રદેશ મહામંત્રી કેસી પટેલના પુત્રની યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજીમાં ગેરકાયદે નિમણૂકની તપાસ કરવામાં ન આવતા પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે મુખ્યમંત્રી અને રાજ્યપાલને પત્ર પાઠવ્યો છે અને જો આ અંગે કોઇ યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી સમયમાં આરોગ્ય સચિવની કચેરી બહાર ભૂખ હડતાળ પર બેસવાની અને હાઈકોર્ટ તથા લોકાયુક્તમાં ફરિયાદ કરવા અંગે ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે રાજ્યપાલ, મુખ્યમંત્રી, તકેદારી આયોગ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને પત્ર પાઠવ્યો છે. જેમાં તેમણે આક્ષેપ કરતા લખ્યું છેકે, ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલના પુત્ર નૈતિક પટેલની યુએન મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટીટ્યૂટ અમદાવાદમાં ગેરકાયદે નિમણૂક કરવામાં આવી છે. જે અંગે ૨૦૧૯માં પાંચ વખત અને ૨૦૨૦માં બે વખત લેખિત અને રૂબરૂમાં રજૂઆત કરવામાં આવી છે. જોકે આ અંગે કોઇ તપાસ હાથ ધરવામાં આવી છેકે નહીં તે અંગે કોઈપણ પ્રકારની માહિતી આપવામાં આવી રહી નથી.

ગેરકાયદે અનાજ કૌભાંડનો પર્દાફાશ..!! ૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર

ગાંધીનગરના ડભોડા પાસેના લીંબડીયા ગામની સીમમાં બનાવેલા ગોડાઉનમાંથી ગેરકાયદેસર ઘઉં, ચોખા, ખાંડ ચણાની દાળનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપાયો છે. મહીન્દ્રા પીક અપ ડાલુ મળી કુલ રૂપિયા ૧૪ લાખ ૨ હજાર ૬૫૦નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે બાતમી આધારે રેડ કરી હતી. ગોડાઉનમાં ખાલી કંતાનના કોથળાઓ પર ગર્વમેન્ટ ઓફ હરીયાણા, ગર્વમેન્ટ ઓફ પંજાબના માર્કા મળ્યા છે. સાથો સાથ ભારતીય ખાદ્યા નિગમના માર્કોવાળા તથા મઢી વિભાગ ખાંડ ઉદ્યોગના સહકારી મંડળી લીની ઓળખ મળી છે.

રૂપિયા ૧ લાખનો ૯૫ હજારના ૭૫૦ કિલો ચોખાના ૧૪૪ કટ્ટા, રૂપિયા ૨૯ હજાર ૯૦૦ના ૪૬૦ કિલો ચણાની દાળના ૨૩ કટ્ટા ઝડપી પાડવામાં આવ્યા હતા. સાથે જ ૮ લાખ ૬૯ હજારના ૪૩ હજાર ૪૫૦ કિલો ઘઉંના ૮૬૯ કટ્ટા, તેમજ રૂપિયા ૮ હજાર ૪૫૦ના ૨૫૦ કિલો ખાંડના ૫ કટ્ટા ઝડપી પાડવામાં આવ્યા હતા. તો બીજી તરફ કંતાનના ૭૦૦ ખાલી થેલા અને પ્લાસ્ટીકના ૧ હજાર ૨૦૦ થેલા જપ્ત કરવામાં આવ્યા હતા.

ટ્રક પાછળ લક્ઝરી બસ ઘુસી જતા ૧૪ લોકો ઈજાગ્રસ્ત

રાજકોટ

રાજયમાં અવાર નવાર ગોજારા અકસ્માતો બનતા હોય છે. ત્યારે રાજકોટ અમદાવાદ હાઈવે પર મોટો અકસ્માત સર્જાયો હતો. રાજકોટના ગમખ્વાર અકસ્માતમાં ટ્રક પાછળ બસ ઘુસી જતા મોટો અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ૧૪ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલિયાસ ગામ પાસે આ ગોજારી ઘટના બની હતી.

આ વિશે મળતી માહિતી અનુસાર, રાજકોટ-અમદવાદ હાઈવે ઉપર માલિયાસણ ગામ પાસે વહેલી સવારે ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ખાનગી બસમાં બેઠેલા ૧૪ જેટલા લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. જેથી તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ પણ સ્થળ ઉપર દોડી ગઇ હતી અને આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિરમગામ શહેરના રામમહેલ મંદિરના અધિકારી સંત શ્રી રામદાસજી મહારાજ ૧૦૦ વર્ષની વયે રામચરણ પામ્યા



નિજ મંદિરથી સમગ્ર શહેરમાં પાલખીયાત્રા નીકળી, પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન થયો

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરના ઐતિહાસિક રામમહેલ મંદિરના અધિકારી સંત શ્રી રામદાસજી મહારાજ ૧૦૦ વર્ષ ની વયે રામચરણ પામ્યા હતા. નિજ મંદિરથી સમગ્ર શહેરમાં પાલખીયાત્રા નીકળી હતી પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો. રામદાસજી મહારાજ બ્રહ્મલીન થતાં પાલખીયાત્રા મોટી સંખ્યામાં સેવકો ભક્તોએ અંતિમ દર્શન કર્યા હતા.

સિંગાપોર હનીમૂન પર ગયેલ મહિલાનો કોરોના વાઈરસનો રિપોર્ટ નેગેટિવ આવ્યો

રાજકોટ

રાજકોટનું એક નવદંપતી ૨૫ ફેબ્રુઆરીએ હનીમૂન માટે સિંગાપુર મલેશિયાની ટુર પર ગયા હતા. આ દરમિયાન ૧ માર્ચથી યુવતીને તાવ અને શરદી થઈ હતી અને ૬ માર્ચે તેઓ મુંબઈ ઉતર્યા હતા અને ત્યાંથી ફલાઈટ મારફત શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે રાજકોટ આવીને ઘર પહોંચ્યા હતા. ઘર પહોંચતા જ યુવતીની તબિયત વધુ બગડતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તપાસ કરનાર તબીબને કોરોનાના લક્ષણ જણાતાં આરોગ્ય વિભાગને જાણ કરી હતી. આરોગ્ય વિભાગે યુવતીને તુરંત સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં શિફ્ટ કરાઈ હતી તેમજ સેમ્પલ લેવાયા હતા. યુવતીના પતિમાં હજી કોઈ લક્ષણો દેખાયા નથી. હવે પત્નીનો પણ કોરોના વાઈરસનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર યુવતીને તાવ, ગળુ બળવું, શરદી, ઉધરસ, કફ સહિતની સમસ્યા સિંગાપુર હતી ત્યારે જ હતા અને ત્યાં કોરોનાના પુષ્કળ કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત તાવ સતત ચઢ ઉતર કરતો હતો તેથી મુંબઈ એરપોર્ટ પર તાવ ઓછો હોવાથી થર્મલ સ્કેનરમાંથી બચી ગયાની શક્યતા તબીબોએ જણાવ્યું હતું. હાલ આ યુવતીને આઈસોલેશનમાં રખાઈ છે.

કોરોના વાઈરસ અસરગ્રસ્ત દેશ ચીન, હોંગકોંગ, થાઈલેન્ડ, સિંગાપોર, જાપાન, સાઉથ કોરિયા, વિયેતનામ, નેપાળ, ઈન્ડોનેશિયા, મલેશિયા, ઈરાન, ઈટલી સહિતના દેશમાંથી અત્યાર સુધીમાં ૯૮ મુસાફરો રાજકોટ આવ્યા છે તેમાંથી ૧૪ દિવસનો નિરીક્ષણ સમય પૂ૩ મુસાફરોએ પૂર્ણ કર્યો છે, ૩૧ મુસાફરો હજુ મનપાના નિરીક્ષણ હેઠળ છે.

કાપલીબાજોની ખેર નહિ..!! મહિલા દિન નિમિત્તે શિક્ષિકાઓ સીસીટીવીની ચકાસણી કરશે

અમદાવાદ

૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી થવાની છે ત્યારે અમદાવાદના શિક્ષણ વિભાગ દ્વારા મહિલા દિનની અનોખી ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. હાલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા રહી છે ત્યારે શાળાઓ દ્વારા શિક્ષણ વિભાગમાં પહોંચાડવામાં આવતી સીસીટીવી ફુટેજની સિડીઓનું ચેકિંગ કરવાની જવાબદારી મહિલાઓને સોંપવામાં આવી છે. અને હવે પરીક્ષામાં ચાલતી ગેરરીતી મહિલાઓ સીડીનું ચેકિંગ કરી ઝડપી પાડશે.

અમદાવાદ સહિત રાજયભરમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરિક્ષાઓ ચાલી રહી છે. અમદાવાદમાંથી ધોરણ ૧૦માં ૧ લાખ ૯૬ હજાર જયારે ધોરણ ૧૨માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં કુલ મળી ૭૯, ૨૩૭ વિદ્યાર્થીઓ પરિક્ષા આપી રહ્યાં છે. જે માટે ૧૩૮ પરિક્ષા કેન્દ્રો પર ૬૪૩ બિલ્ડિંગોમાં પરિક્ષા આપવામાં આવી રહી છે. અને આ તમામ પરિક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા બ્લોક પ્રમાણે લગાવવામાં આવ્યા છે.તમામ પરિક્ષા ખંડમાં પણ સીસીટીવી કેમેરાથી પરિક્ષામાં ગેરરીતી ના થાય તે માટે નજર રાખવામાં આવી રહી છે. આ કેન્દ્રો પરથી ઉથી ૪ સીડી જે તે વિષયની પરિક્ષા પત્યા પછી તરત જ શિક્ષણ વિભાગમાં જમા કરાવવામાં આવી રહી છે. ત્યારે બોર્ડની પરીક્ષાનું પરિણામ સમયસર તૈયાર કરી શકાય તે હેતુથી અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોની વિવિધ શાળાઓમાં ચાલી રહેલી બોર્ડની પરીક્ષાઓના અનુસંધાનમાં વર્ગખંડના સીસીટીવી ફૂટેજની ચકાસણી જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા શરુ કરવામાં આવી છે.

બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓની બાઈકને અકસ્માત, ૩ ઈજાગ્રસ્ત

પાવીજેતપુર તાલુકાના ભીખાપુરા કેન્દ્રમાં પરીક્ષા આપવા જઈ રહેલા ધો-૧૦ના વિદ્યાર્થીઓની બાઈક સ્લીપ ખાઈ જતાં ૩ વિદ્યાર્થીઓ નીચે પટકાયા હતા. જેમાં ત્રણેય વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના કદવાલ ગામના મેહુલ બારિયા, જયેશ બારીયા અને નરેન્દ્ર બારીયા નામના ૩ વિદ્યાર્થીઓ બાઈક ઉપર બેસીને ભીખાપુરા ખાતે બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા. આ સમયે ખટાશ ગામ પાસે બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી. જેથી ત્રણેય વિદ્યાર્થીઓ બાઈક પરથી નીચે પટકાયા હતા. જેથી તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ સમયે રસ્તા પર જઈ રહેલા એક વ્યક્તિએ તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જોકે ૧૦૮ એમ્બ્યુલન્સ સમયસર ન પહોંચતા વિદ્યાર્થીઓને ખાનગી વાહનમાં હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા.

અભદ્ર ટીપ્પણી કરવા મામલે એએમસી કમિશનર નહેરાની પત્ની સામે ગુનો નોંધાયો

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરા ગુજરાતની આઈએએસ લોબીમાં ઘણા વગદાર અધિકારી ગણાય છે. તેમના કામ સહિત તેઓ વિજય રૂપાણીની ગુડબુકમાં હોવાને કારણે તેમનું પલડું સરકારમાં ભારે રહ્યું છે. પરંતુ હવે તેમની પત્ની સુમન નેહરાના કારણે વિજય નેહરા ક્ષોભ જનક સ્થિતિમાં મુકાયા છે. અમદાવાદથી પ્રસિદ્ધ થતા એક અંગ્રેજી અખબારના મહિલા સંપાદક સામે ટ્વીટર હેન્ડલર પર અભદ્ર ટીપ્પણી કરવાના મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સાયબર સેલએ તેમની સામે ગુનો નોંધ્યો છે.

સાયબર સેલમાં એક અંગ્રેજી અખબારના તંત્રીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સુમન નેહરાએ પોતાના ટ્વીટર એકાઉન્ટમાં દિપલ ત્રિવેદી અને તેમના જુના સહકર્મી જાનવી વિરુદ્ધ કેટલીક અભદ્ર ટિપ્પણીઓ કરી હતી. જેના કારણે બંને મહિલાઓની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું હતું. સાથે જ દિપલ ત્રિવેદીનું ટ્વીટર એકાઉન્ટ અખબારનાં વ્યવસાયિક હેતુના માટે હોવાને કારણે તેમના અખબારની પ્રતિષ્ઠાને પણ હાની પહોંચી હતી. આ મામલે દિપલ ત્રિવેદીએ આપેલી ફરિયાદની સાયબર સેલએ ખરાઈ કર્યા બાદ સાયબર એક્ટ પ્રમાણે સુમન નેહરા સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કેડરના ઘણા આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ ઉત્તમ કામ કરતા હોવા છતાં તેમની પત્નીઓના વ્યવહાર અને વર્તનને કારણે ઘણીવાર તેઓ ક્ષોભ જનક સ્થિતિમાં મુકાઈ જતા હોવાની અનેક ઘટનાઓ ઘટી છે જે પૈકીની આ એક ઘટના છે.

નીતિ આયોગના સીઈઓએ મુખ્યમંત્રી સાથે 'રિઅલ ટાઈમ પર્ફોમન્સ સિસ્ટમ' લાઈવ નિહાળી

ગાંધીનગર

કેન્દ્રિય નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાંતે શનિવારે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ તકે તેમણે રાજ્યના મુખ્યમંત્રી નિવાસસ્થાને કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે 'રિઅલ ટાઈમ પર્ફોમન્સ સિસ્ટમ' લાઈવ નિહાળી હતી.

નોંધનીય છેકે ગુડ ગવર્નન્સની દિશામાં સી.એમ.ડેશબોર્ડ અંતર્ગત 'રિઅલ ટાઈમ પર્ફોમન્સ સિસ્ટમ' વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ હેઠળ રાજ્યના તમામ વિભાગોને એક જ પ્લેટફોર્મ પર આવી લેવામાં આવ્યા છે. અમિતાભ કાંતે આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની 'રિઅલ ટાઈમ પર્ફોમન્સ સિસ્ટમ'નો અન્ય રાજ્યોએ પણ અમલ કરવો જોઈએ.

વિશ્વ મહિલા દીને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી નર્મદા જિલ્લાની આદિવાસી દિકરી

- વિશ્વ મહિલા દિવસે સલામ છે સાધના જેવી દીકરીઓને કે જે સાચા અર્થમાં મહિલા સશક્તિકરણનું એક ઉત્તમ ઉદાહરણ છે.
- પિતાનું કેન્સરની બીમારીમાં લાંબી માંદગી બાદ અવસાન થતાં પરિવારની જવાબદારીનો ભાર આવતા ભાઈ બહેનને ભણાવવા પોતાના ભણતરનું બલિદાન આપ્યું.



પિતાની છત્રછાયા ગુમાવનાર પુત્રી અભ્યાસ છોડી ટાયર પંચરનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવી રહી છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

૮ માર્ચે સમગ્ર વિશ્વ મહિલા દિવસની અલગ અલગ રીતે ઉજવણી કરે છે. વિશ્વ મહિલા દિવસે વાત કરીએ તો નર્મદા જિલ્લાની આદિવાસી દીકરી કે જે ભણવાની નાની ઉંમરમાંજ અભ્યાસ છોડીને ટાયર પંચર બનાવવા જેવું કઠિન કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

નર્મદા જિલ્લાના અંતરિયાળ ડેડીયાપાડા પાસે આવેલ ડુમખલ ગામની બામણિયાભાઈ પંચર બનાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા તેમના ત્રણ સંતાન અને પત્ની સાથે રહેતા બામણિયાભાઈને કેન્સરની બીમારી થઈ તેઓ ચાર થી પાંચ વર્ષ બીમાર રહ્યા બાદ તેમનું અવસાન થયું કેન્સરની બીમારીમાં પિતાની લાંબી માંદગી બાદ અવસાન થતા પરિવાર નિરાધાર બન્યો ઘરનું ગુજરાન ચલાવનાર કોઈ ન હતું તેથી પરિવાર મુશ્કેલીમાં મુકાયો ત્યારે ગરીબ આદિવાસી પરિવારની દીકરી સાધના એ હિંમત ન હારી અને પોતાના પરિવારનું સાહસ અને સ્વાભિમાનભેર ગુજરાન ચલાવવા મક્કમ બની અભ્યાસ છોડી પંચર બનાવવાનો પોતાના પિતાનો વ્યવસાય અપનાવ્યો,જ્યારે સાધનાબેને અભ્યાસ છોડ્યો ત્યારે એ ધો-૯ માં અભ્યાસ કરી રહ્યા હતા.

સાધનાબેન પોતાની આપવીતી જણાવતા રડી પડ્યા અને જણાવ્યું કે પપ્પાને કેન્સર હતું ૪ -૫ વર્ષ ની માંદગી બાદ તેમનું અવસાન થયું મને ભણવાનો શોખ તો ઘણો હતો પણ સામે પોતાના મોટા ભાઈ બહેનને ભણાવવા અને પરિવારનું ગુજરાન ચલાવવાનો પડકાર હતો જેથી અભ્યાસ છોડવો પડ્યો જો હું ભણું તો મારા ભાઈ બહેન નો અભ્યાસ રહી જાય પંચર બનાવી થોડું કમાઉ છું અને પરિવારનું ગુજરાન ચાલે છે સાધના બેન જ્યારે ધો-૯ માં અભ્યાસ કરતા હતા ત્યારે ટાયર પંચર બનાવવાનું કામ શીખ્યું હતું પપ્પાના અવસાન બાદ સમગ્ર પરિવારની જવાબદારીનો ભાર પોતાના ખભે લઈ ટાયર બદલવા, પંચર બનાવવા,બેરિંગ બદલવા જેવું કઠિન કામ કે જે પુરુષ પણ સહેલાઈથી નથી કરી શકતા તેવું કઠિન કામ સ્વીકારી સામે આવેલી કઠિન પરિસ્થિતિને પડકાર આપ્યો અને પગભર બની જાત મેહનત કરી થોડા પૈસા કમાઈને હાલ સ્વાભિમાનભેર પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

હાલ બેટી બચાવો બેટી પઢાવો ના નારા લગાવતી સરકારે જો આવા નિરાધાર પરિવારની મદદ કરી હોત તો પોતાના ભાઈ બહેન ની સાથે સાધના પણ અભ્યાસ કરી રહી હોત ખરેખર આવા સાચા અને જરૂરિયાતમંદ સુધી સરકારની યોજનાઓનો લાભ પોહચે તોજ એ યોજનાઓ ખરા અર્થ માં સાર્થક સાબિત થાય નહીં તો ×પાણી નું નામ ભુ× જેવી કહેવત જ સાબિત થાય, હાલ સાધનાબેન સરકાર પાસે મદદની પોકાર કરી રહ્યા છે ત્યારે જોવું એ રહ્યું કે સાધના બહેનને મદદ મળે છે કે કેમ...?

પત્ની અને તેના પ્રેમીને ઘરે બોલાવી કટરના ઘા ઝીંકનાર પતિ ઝડપાયો

સુરત

અમરોલી ખાતે આવેલી પલક રેસીડેન્સીમાં રહેતી અને કતારગામ આશ્રમ રોડના સ્ટર જેમ્સ નામના હીરાના કારખાનામાં નોકરી કરતી સવિતા(નામ બદલ્યું છે)ના લગ્ન વર્ષ ૨૦૦૬માં થયા હતા અને સંતાનમાં ૧૧ વર્ષનો પુત્ર છે. જ્યારે તેનો પતિ વરાછાના પરમ એક્સપોર્ટ નામના હીરાના કારખાનામાં નોકરી કરે છે. પતિ સાથે છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા રોજબરોજના ઝઘડાથી કંટાળેલી આરતીને તેની સાથે કારખાનામાં નોકરી કરતા રત્નકલાકાર સાથે પ્રેમસંબંધ બંધાયો હતો અને નોકરી પર જવા માટે લેવા અને મૂકવા આવતો હતો.

પતિ અરવિંદને જાણ થઈ જતા પત્નીને તે કોની સાથે બાઈક પર જાય છે તેવું પૂછ્યું હતું જેના જવાબમાં પત્નીએ સાથી રત્નકલાકાર સાથે પ્રેમસંબંધ હોવાનો સ્વીકાર કર્યો હતો અને પતિ પાસે છૂટાછેડાની માંગણી કરી હતી. જેથી પતિએ બંનેને બોલાવ્યા હતો અને લગ્ન કરવા માંગે છે કે, નહીં તે અંગેની વાતચીત કરી હતી. જેમાં લગ્ન કરવા તૈયાર હોવાનું કહેતા પતિએ પત્નીને તેના પ્રેમી સાથે મોકલી આપી હતી અને બીજા દિવસે પુત્રને સ્કૂલ મૂકી આવશે અને વકીલને મળી છૂટાછેડાની કાર્યવાહી પુરી કરી નાંખશે એમ કહ્યું હતું. ત્યાર બાદ ગત રોજ પત્નીને પરત ઘરે બોલાવી સામાન અને કપડા લઈ જવાનું કહ્યું હતું.

સેન્ટ્રલ ઝોને રૂ. ૧.૯૭ કરોડનો વેરો વસુલાયો

સુરત

સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલઝોન દ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૮/૦૨/૨૦૨૦ થી તા.૦૨/૦૩/૨૦૨૦ દરમ્યાન હાથ ધરતાં બાકી મિલકતદારો પૈકી વોર્ડ નં. ૧ થી ૧૨માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માં આવેલ નીચે જણાવેલ કુલ –૯૫ મિલકતોને સીલ કરવામાં આવેલ સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂા. ૧,૯૭,૬૨,૬૦૨ - વસુલ કરવામાં આવેલ છે.

બાગાયતી પાકને ફસલ વીમા યોજનામાં સમાવવા ખેડૂતોએ પીએમ મોદીને પત્ર લખ્યો

સુરત

ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણમાં થયેલા ફેરફારથી માવઠું (કમોસમી વરસાદ)થયું હતું. માવઠાના કારણે ખેડૂતોના ઉભા પાકને ભારે નુકસાન થયું છે.જેથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. વડાપ્રધાન ફસલ વીમા યોજનામાં ખેતી પાકો આવરી લેવાય છે પરંતુ બાગાયતી પાકોનો સમાવેશ કરવામાં ન આવ્યો હોવાથી ખેડૂત સમાજ ગુજરાતે વડાપ્રધાનને પત્ર લખીને બાગાયતી પીએમ ફસલ વિમા યોજનામાં સમાવવા પત્ર લખ્યો છે.

છઠ્ઠી માર્ચના રોજ થયેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઉભા બાગાયતી પાકોમાં કેરી,ચીકુ તથા કેળાના પાકોને નુકસાન થયું છે.ખેડૂતોને થયેલા આર્થિક નુકસાનના બદલામાં ખેડૂત સમાજ ગુજરાતે રજૂઆત કરી છે કે વડાપ્રધાન ફસલ વીમા યોજનામાં બાગાયતી પાકોને પણ સમાવવામાં આવે. જેથી ખેડૂતોને થયેલા નુકસાનનો લાભ મળી રહે. વડાપ્રધાન તાકીદે આ મુદ્દે દરમિયાનગીરી કરીને ઘટતું કરે તેવો પત્ર ખેડૂત સમાજે લખીને રજૂઆત કરી છે.

દબાણ દૂર કરવા ગયેલ પાલિકા કર્મચારી પર કોર્પોરેટરનો હુમલો

સુરત

સુરત મહાનગર પાલિકાના વરાછા ઝોન વિસ્તારમાં દબાણ દૂર કરવા ગયેલા કર્મચારીઓને કોર્પોરેટરો દ્વારા માર મારવામાં આવ્યો હતો. મહિલા કોર્પોરેટરએ મહાનગર પાલિકાના સિક્યુરિટી સાથે ઝપાઝપી કરી દબાણ દૂર કરવાની કામગીરી અટકાવી હતી.

મહિલા કોર્પોરેટરો હવે દબાણ કરનારાઓને ઉશ્કેરી મહાનગર પાલિકાના સ્ટાફને ભગાડ્યો હતો. પુણા વિસ્તારમાં મહા લક્ષ્મી માર્કેટ સામે ગઝલ સોસાયટીની બહાર ગેરકાયદે દબાણ દૂર કરવા માટે વરાછા ઝોન દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા સોનલ દેસાઈ પહોંચી ગયા હતા. તેઓએ મહાનગર પાલિકાના સિક્યુરિટી ગાર્ડ સાથે ઝપાઝપી કરી હતી. તેઓએ તમાચો પણ મારી દીધો હતો આટલું ઓછું હોય તેમ મહિલા કોર્પોરેટરો દબાણ કરનારને ઉશ્કેરીને પાલિકાના સ્ટાફ પર હુમલો કરાવ્યો હતો. જેમાં પાલિકાના કર્મચારીઓને ઈજા થતાં પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરવામાં આવી હતી. મહિલા કોર્પોરેટરો દ્વારા કરવામાં આવેલી ઝપાઝપી દરમિયાન કેટલાકે વીડીયો બનાવ્યો હતો. જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

રાજપીપળા ના અમુક વિસ્તારોમાં લાઈટ બિલો અઢી મહિના બાદ ફાડતા ગ્રાહકો પર વધતો યુનિટનો માર

અમુક વિસ્તારોમાં કોન્ટ્રાકટ પર કામ કરતા મહિલા કર્મચારીઓ આડેધડ બિલો ફાડી જતા હોવાની વારંવાર ફરિયાદો છતાં વીજ કંપનીના અધિકારીઓ સાંભળતા નથી

ચાલુ મહિને પણ અમુક વિસ્તારોમાં બિલો મોડા આવતા બમણા બિલો ફટકાર્યા હોવાની બુમ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરમાં વીજ કંપનીની લાલીયાવાડી દિવસે દિવસે વધી રહી હોય ગ્રાહકો ફરિયાદો કરવા છતાં વીજ કંપનીના અધિકારીઓ કઈ સાંભળવા તૈયાર નથી અને ખોટા જવાબો આપતા હોવાની બુમ ઉઠી છે.

નિયમ મુજબ દર મહિને ગ્રાહકોના લાઈટ બિલ ફાડવા પડે છતાં અઢી ત્રણ મહિને બિલો આપતા ગ્રાહકોના યુનિટી વધી જતાં કોષ્ટક મુજબ ગ્રાહકો એ વધુ રૂપિયા ભરવાં પડે છે અમુક વિસ્તારો માં બે મહિને બિલો ફડાય છે જ્યારે અમુક વિસ્તાર ને તો જાણે દર વખતે ભુલી જ જવાતો હોય એમ ગ્રાહકો ફોન કરે ત્યારે અઢી મહિના બાદ બિલો ફાડવા કર્મચારીઓ મોકલાય છે તેથી ગ્રાહકે બમણા રૂપિયા ચુકવવા પડતા હોય છે.જ્યારે કોન્ટ્રાકટ ઉપર કામ કરતા મહિલા કર્મચારીઓ સાથે બાળકો લઈ બિલો ફાડવા આવતા હોય ઉતાવળે કે ગમે તે કારણે આડેધડ બિલો પકડાવી દેતા મધ્યમ ગરીબ વર્ગના ગ્રાહકો મુશ્કેલી માં મુકાય છે.ફરિયાદ કરતા વડી કચેરી એ અરજી આપો ત્યારબાદ ખોટું બિલ ફાટ્યું હોય તો પણ પુરેપુરા રૂપિયા ભરો બાદમાં ગ્રાહકો ના બાકીના નાણાં બીજા બીલમાં જમા મળતા હોય અથવા ગમે તે રસ્તો કાઢે છે.

ત્યારે ગરીબ ગ્રાહકો મોટી રકમ ક્યાંથી લાવી ભરે એ મુંઝવણ માં વ્યાજે કે અન્ય રીતે રૂપિયા મેળવી ગાડું ગબડાવતા હોય છે.

મારે ૧૧૦૦ યુનિટ નું આડેધડ બિલ આવ્યું છતાં અધિકારીઓ સાંભળતા નથી : નયનભાઈ ભૈયા(ગ્રાહક)

રાજપીપળા ના એક ગ્રાહક નયનભાઈ ભૈયા એ રોષ વ્યકત કરતા જણાવ્યું કે દર વખાતે મારા ઘરનું બિલ ૩૫૦ થી ૪૦૦ યુનિટી નું આવતું હોય છે પરંતુ અચાનક ૧૧૦૦ યુનિટી વપરાશ નું બિલ એક બેન ફાડી ગયા બાદ હજારો રૂપિયા ક્યાંથી ભરવા અને આટલા બધા યુનિટી કેવી રીતે આવ્યા એ બાબતે મૂંઝવણ માં મુક્યો ત્યારબાદ વીજ કંપનીમાં રજુઆત કરી તો અધિકારી એ જણાવ્યું કે એક વાર તો ભરવાજ પડશે બાદમાં અરજી આપો જોકે મેં મારા ખોટા બિલ બાબતે અરજી આપી હોવા છતાં યોગ્ય ન્યાય ન મળતા ભરૂચ ઉપલા અધિકારી સાથે વાત કરી છતાં સ્થાનિક અધિકારીઓ હજુ આનું કોઈ યોગ્ય નિરાકરણ લાવતા નથી.

હોળી ધૂળેટી પર્વમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા આવશેઃ તંત્ર સજ્જ બન્યું

મોટી સંખ્યામાં પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ઉમટી પડી શકે તે માટે સુરક્ષા બંદોબસ્તમાં વધારો કરાશે

હાલ સ્ટેચ્યુ પર રેગ્યુલરમાં પીઆઈ-૦૧,પીએસઆઈ-૧, જીઆરડી-૧૦૦, આઈજી રેન્જના- ૫૦ પોલીસ જવાનો ફરજ બજાવે છે પરંતુ મોટા તહેવારોમાં ખાસ સુરક્ષામાં વધારો થશે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા





હોળી ધૂળેટી પર્વ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ઉમટી પડી શકે તે માટે ખાસ સુરક્ષા બંદોબસ્ત તેમજ પ્રવાસીઓની કાળજી લેવા માટે તંત્ર સજ્જ બન્યું છે.અત્યાર સુધીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા ૪૦ લાખ કરતાં પણ વધારે પ્રવાસીઓ આવી ચૂક્યા છે.જોકે પોલીસની પણ અત્યાર સુધીની પ્રશંસનીય કામગીરી જોવા મળી છે.જેમાં જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની સૂચના મુજબ સતત સ્ટેચ્યુની ફરજ ઉપર જોવા મળતા પીએસઆઈ કે.કે.પાઠક અને તેમની ટીમે ઘણા પ્રવસીઓની મદદ કરી ખોવાયેલા બાળકો પરિવાર સુધી પહોંચાડ્યા સહિતની ઘણી ઉમદા કામગીરી કરતા આ ટીમનું ઘણીવાર સન્માન પણ કરાયું છે.છતાં મોટા તહેવારો માં બંદોબસ્તમાં વધારો કરી પ્રવાસીઓને કોઈ મુશ્કેલી ન નડે તેની ખાસ તકેદારી લેવાય છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર કેવડીયા પોલીસ તેમજ સ્થાનિક સુરક્ષા એજન્સી અને એસઆરપીના જવાનો ખડેપગે સુરક્ષા કરી તો રહ્યા છે સાથે પ્રવાસીઓને પણ કોઈ અગવડ ન પડે તે પ્રકારની મદદ પણ કરી રહ્યા છે. હાલ હોળી પર્વ દરમિયાન પ્રવાસીઓ ની સંખ્યામાં વધારો થશે તેવી સંપૂર્ણ શક્યતાને લઈને અત્યાર થીજ પ્રવાસીઓ માટે ખાસ સુરક્ષા બંદોબસ્ત અને અન્ય વ્યવસ્થા કરવામાં આવી છે.સ્ટેચ્યુ પર હાલ નિયમિતમાં પીઆઈ,-૦૧, પીએસઆઈ -૧, સાથે જીઆરડી-૧૦૦,તેમજ આઈજી રેન્જના-૫૦ જેવા પોલીસ જવાનો ફરજ બજાવે છે પરંતુ મોટા તહેવારોમાં ખાસ સુરક્ષામાં વધારો થાય છે.

આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ડેપ્યુટી કમિશનર નિલેશ દુબેએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓનો ધસારો વધી રહ્યો છે પ્રવાસીઓ માટે અમે અહીંયા નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છે જેમાં પ્રવાસીઓને રોડ પર ઉભા રહેવું ન પડે તે માટે જે જુનુ હેલીપેડ હતું ત્યાં નવું બસ સ્ટેન્ડ બનાવવામાં આવશે તદઉપરાંત પ્રવાસીઓ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા જાય તો બસમાંથી ઊતરે ત્યાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો મુખ્ય દ્વાર સુધી નવો શેડ બનાવવાનું કામ ચાલુ છે. આ શેડ કાયમી રહેશે જેથી કોઈ પણ ઋતુમાં પ્રવાસીઓને અગવડ ન પડે.

સાયન્સનો વિદ્યાર્થી રહસ્યમય સંજોગોમાં ગુમ, નોટબુકમાં આતંકીઓના નામથી હાહાકાર

સેલવાસ

રાજ્યમાં અનેક વખત બાળકો ગુમ થયા હોવાની ઘટના બને છે. ત્યારે વલસાડ પાસે આવેલા સેલવાસમાં ધોરણ-૧૧માં ભણતો વિદ્યાર્થી એક અઠવાડિયાથી ગુમ થયો હોવાની ઘટના સામે આવી છે. આ વિદ્યાર્થી સાયન્સનો વિદ્યાર્થી છે અને ૨૯મી ફેબ્રુઆરીથી ઘરેથી ગુમ થયો છે જેના કારણે તેના પરિવારજનો આકુલ વ્યાકુળ થયા છે.

સંઘ પ્રદેશ દાદરા નગરહવેલીના સેલવાસનો એક વિદ્યાર્થી ૨૯ તારીખે એના કોચિંગ કલાસ બાદ સાંજે ઘરે ગયો નહોતો. ત્યારબાદ ૩-૩ દિવસ સુધી પોતાનું બાળક ઘરે ના આવતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. ત્યારબાદ સ્થાનિક પોલીસને ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે બાળકની શોધખોળ આરંભી હતી અને વિદ્યાર્થીના ઘરે તેના ચોપડા ખંગાળતા જે જાણવા મળ્યું એ ખુબજ ચોંકાવનારું હતું. પોલીસને જાણવા મળી રહ્યું છે કે, વિદ્યાર્થીનો સંપર્ક અમુક વિધર્મી મિત્રો સાથે થયો હતો. જેમાં સેલવાસના મિત્રો તો ખરાજ પણ ઈસ્લામિક રાષ્ટ્રના પણ ઘણા મિત્રો એના બન્યા હતા. હાલ વિશ્વમાં ઈસ્લામિક રાષ્ટ્રોની સમસ્યા અને વિશ્વમાં ઈસ્લામિક રાષ્ટ્રો સ્થાપવાની અને વધારવાની વાતોને લઈને પણ અમુક ચર્ચાઓનો તે ભાગ બનવા લાગ્યો હતો. ત્યારે હાલ પરિવાર પુત્ર ની શોધમાં લાગ્યો છે. આ ઘટના વિશે જ્યારે વિદ્યાર્થીના માતા-પિતા સાથે પોલીસે વાત કરી તો તેમણે જણાવ્યું હતું કે, અમારો દીકરો કંઈ કહીને કે કોઈપણ ચિઠ્ઠી મુકીને ગયો નથી. છેલ્લા ૩ દિવસથી ઘરે ના આવતા અમે તેની શોધખોળ હાથ ધરી હતી. એટલે સુધી કે અમે તેના નોટબુક પણ તપાસી હતી. જેમાં અમને અરેબિયન દેશો જેમકે, બાંગલાદેશ, પાકિસ્તાન, ઈરાકનું નામ લખેલા જોવા મળ્યાં. આ સાથે રિયાઝ અને સદામ જેવા નામ પણ લખ્યા હતાં.



યશ બેંક પર રીઝર્વ બેંકે પ્રતિબંધો લાગુ કરી દેતા રોકાણકારો તથા બેંક ખાતેદારોએ રૂપિયા ઉપાડી લેવા ગઈ કાલથી બેંક કચેરીમાં લાઈનો લગાવી દીધી હતી. આજે બીજા દિવસે પણ મજૂરાગેટ જૂની આરટીઓ કચેરી પાસે આવેલી યશ બેંકમાં લાંબી લાંબી લાઈનો લગાવી દીધી હતી.

વેસ્ટર્ન બ્રાઈડલ મોડલ હરીફાઈમાં કિંજલ તડવી એ ફરી મેદાન માર્યું : પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જીલ્લાનું ગૌરવ વધાર્યું





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલિકાના મહિલા કોર્પોરેટરે રાજપીપળામાં યોજાયેલ બ્રાઇડલ મોડેલની હરીફાઈમાં અગાઉ દ્વિતીય સ્થાન મેળવી નર્મદા જિલ્લા સહિત શહેરનું ગૌરવ વધાર્યું હતું જ્યારે હાલ ફરી યોજાયેલી આ હરીફાઈમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

યુકેની હરીવંશની બ્યુટી એકેડમી દ્વારા રાજપીપળા સરદાર ટાઉન હોલમાં બ્રાઇડલ મોડલ કોમ્પિટિશનનું આયોજન કરાયું જેમાં અનેક જિલ્લાઓમાંથી આવેલી બ્યુટીશિયનો એ ભાગ લીધો હતો.આ કોમ્પિટિશન માં રાજપીપળા ન્યુ લવલી બ્યુટી પાર્લરના ફાલ્ગુનીબેન માછીના બ્રાઇડલ મોડેલ એવા રાજપીપળા નગર પાલિકા ભાજપના કોર્પોરેટર કિંજલબેન તડવી ફરી વિજેતા બની આ વખતે પ્રથમ સ્થાન મેળવી નર્મદા જિલ્લાનું નામ રોશન કર્યું છે.આમ સતત બે વખત કિંજલ તડવીએ વિજય મેળવી રાજપીપળા શહેર તેમજ નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

વાગરા પો.સ્ટે વિસ્તારના ભેરસમ ગામેથી ગાંજાના જથ્થા સાથે એકને ઝડપી પાડતી ભરૂચ SOG



પોલીસ અધિક્ષક ભરૂચના માર્ગદર્શન હેઠળ નાર્કોટિક્સની બદી દૂર કરવા માટે નાર્કોટિક્સના કેસો શોધી કાઢવા એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સપેકટર પી. એન. પટેલ નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઐસ.ઓ. જી શાખાના પો, સ,ઇ, એમ.આર.શકોરીયા તથા પો. સ. ઇ. કે.એમ.ચૌધરી એ એસ. ઓ. જી. શાખાના માણસોની ટીમ બનાવી ચોક્કસ દિશામાં વર્ક આઉટ કરતા બાતમી આધારે વાગરા પો.સ્ટે વિસ્તારના ભેરસમ ગામે નવીનગરી પાસે આવેલ મોહીતભાઈ પટેલના ભાડાના મકાનમાં રહેતો જોરૂભાઈ ભોજભાઈ મેગળ રહે હાલ ભેરસમ તા. વાગરા, જી. ભરૂચ મૂળ રહે. નેસડા મંડલ, તા.રાજુલા, જી.અમરેલી નાના મકાનમાં વનસ્પતિજન્ય ગાંજો ૯૧૫ ગ્રામ, કિ. રૂ. ૫,૪૯૦/- ના જથ્થા સાથે પકડી આરોપી સામે વાગરા પો.સ્ટે.માં નારકોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક સબસ્ટેસ એકટ મુજબ ગુનો દાખલ થતા આગળની તપાસ એસ. ઓ. જી ભરૂચ કરી રહેલ છે.

પાલેજ પોલીસ સ્ટેશન વિસ્તારના બંધ મકાનમાંથી હોળી ધુળેટીના તહેવાર પૂર્વે ૭.૮૮લાખનો વિદેશી દારુ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ ભરુચ જીલ્લામાં આગામી હોળી ધુળેટીના તહેવારને ધ્યાને લઇ પ્રોહી પ્રવૃતીઓ ઉપર સતત વોચ રાખી ગુના શોધી કાઢવા આપેલ સુચના આધારે જીલ્લામાં મોટા નામચીન બુટલેગરોની હાલની પ્રવૃતી ઉપર નજર રાખી ગણનાપાત્ર કેસો શોધી કાઢવા માર્ગદર્શન આપી અલગ અલગ ટીમો બનાવામાં આવેલ છે જેમાં વાય.જી. ગઢવી પો.સ.ઇ એલ.સી.બી.ની ટીમ ભરુચ ડીવીઝન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી દરમ્યાન મળેલ બાતમી આધારે પાલેજ પો.સ્ટે વિસ્તારના પારખેત ગામ નજીક આવેલ જાશ્મીન પાર્ક નામની પ્લોટની ખુલી જગ્યામાં આવેલ અવાવરુ બંધ મકાનમાંથી નીચે મુજબનો મોટી માત્રામાં પ્રતીબંધીત ભારતીય બનાવટના વિદેશી દારૂ ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી વધુ કાર્યવાહી માટે પાલેજ પો.સ્ટે.માં સોપવામાં આવેલ છે અને આગામી દીવસોમાં પણ ભરુચ જીલ્લામાં લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહીબીશનમાં વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ આ પ્રમાણે જ કડક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં ભરૂચ પોલીસ કટીબધ્ધ રહેશે.

વોન્ટેડ આરોપી(૧) નિયામતઅલી ઉર્ફે મુન્નો અહેમદ રાજ (૨) ઈનાયત અહેમદ રાજ,બંને રહે. મદીના પાર્ક સોસાયટી ભરૂચ તેમજ કબજે કરેલ મુદ્દામાલમાં વિદેશી દારૂની અલગ અલગ બનવાટના કુલ ૧૪૫ બોક્ષમાં નાની મોટી બોટલ તથા બીયર ટીન મળી કુલ નંગ-૩,૪૯૨ જેની કિં.૭,૮૮, ૪૦૦/-ને પકડી પાડી ભરૂચ એલસીબી ટીમે સફળતા મેળવી હતી.

નર્મદામાં આદિવાસીઓની દિવાળી ગણાતો હોળીના પર્વને આ વર્ષે મોંઘવારીનું ગ્રહણ લાગશે



હોળીમા ખવાતા ધાણી, ખજૂર, હારડાના ભાવમાં ૧૦ ટકા વધુનો ભાવ વધારો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હોળીના પર્વની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.ત્યારે આ વર્ષે ધાણી,ચણા, મમરા,ખજુર સહિતના ભાવમાં ગત વર્ષ કરતાં દશ ટકા જેટલો વધારો નોંધાતાં ગરીબ અને મધ્યમ વર્ગને મોમઘવારી ની માર પડશે,તો ખજુરના ભાવમાં અધધ ૫૦ ટકા સુધીનો જંગી વધારો જોવા મળી રહ્યો હોય હોળી આ વર્ષે ગરીબ મધ્યમ વર્ગને સળગાવશે એમ લાગી રહ્યું છે.

સોમવારે હોળીના પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવશે. હોળીના દિવસે ધાણી, ચણા, મમરા,ખજુર જેવા પદાર્થો આરોગવાની આપણી પરંપરા ચાલતી આવી છે. આ માટે અત્યારથી ધાણી,મમરા બનાવતી ભઠ્ઠીઓ પર ગ્રાહકોનો ધસારો જોવા મળી રહ્યો છે, તો દુકાનોના બદલે ભઠ્ઠી પરથી સામાન ખરીદવાનો ગ્રાહકો આગ્રહ રાખી રહ્યા છે.કેમકે ગત વર્ષો કરતા લગભગ ૧૦ ટકા મોંઘવારી ચાલુ વર્ષે વધી હોય ગરીબ મધ્યમ વર્ગ માટે એક પર્વમાં મોઘવારીનો માર ચોક્કસ પડશે.છતાં પરંપરા મુજબ લોકો ઓછું વતું પણ ખરીદી આ પર્વ જરૂર મનાવશે.

વેડરોડ ત્રિલોક નગરમાં જુગાર ખાનામાં ચોક પોલીસનો છાપો

જુગારીઓ પાસેથી રૂા.૧.૧૩ લાખની મતા કબજે કરાઈ

સુરત

ચોકબજાર પોલીસે વેડરોડ ત્રિભોવનગર પારસમણી એપાર્ટમેન્ટમાં ધમધમતી જુગારની ક્લબ ઉપર દરોડા પાડ્યા હતા. પોલીસે ચાર જુગારીની ધરપકડ કરી રૂપિયા ૧.૧૩ લાખની મતા કબજે કરી હતી.

ચોકબજાર પોલીસે બાતમીના આધારે વેડરોડ અખંડ આનંદ સ્કૂલની સામે પારસમણી એપાર્ટમેન્ટ ફ્લેટ નં.એ/૫માં જુગાર રમતા સુરેશ ચતુર માતરિયા, વિપુલ નિમજી કલથીયા, કમલેશ ઘનશ્યામ બાજડીયા સહિત ચારની ધરપકડ કરી રોકડા રૂપિયા ચાર મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧,૧૩,૯૪૦ની મતા કબજે કરી જુગારધારા અન્વયે કાર્યવાહી કરી હતી.

તિલકવાડાની વડોદરા પરણાવેલી પરિણીતાને ભરણ પોષણના રૂપિયા ન ચૂકવતા પતિને કોર્ટે ફટકારી સજા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જીલ્લાના તિલકવાડા તાલુકાના નાનાવોરા ગામના દક્ષાબેન બળદેવ ભાઈ તડવીના વડોદારા જિલ્લાના બીલ ગામના બળદેવભાઈ કનુભાઈ તડવી સાથે લગ્ન થયા હતા પરંતુ લગ્ન બાદ બળદેવે દક્ષાબેનને ઘરકંકાસ ના કારણે ઘરમાંથી કાઢી મૂકી હતી.જેથી દક્ષાબેને તિલકવાડાનાં કોર્ટમાં ભરણ- પોષણ મેળવવા પતિ બળદેવ વિરુધ્ધ અરજી કરતા આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે પતિ બળદેવને પત્નીને ભરણ-પોષણના માસિક રૂ.૧૨૦૦/- ચૂકવવાનો હુકમ ગત તા.૧૫/૦૫/૨૦૧૯ નાં રોજ કર્યો હતો. આ હુકમ છતાં બળદેવ રૂપિયા ન ચૂકવતા દક્ષાબેને વકીલ શ્રેયસ ડી.પરમાર મારફતે બાકી ભરણ- પોષણની રકમના રૂ.૧૩,૭૦૦/- મેળવવા અરજી કરતા બળદેવ તા.૦૭ માર્ચે કોર્ટમાં હાજર તો થયો પરંતુ તેણે ભરણ પોષણની રકમ રૂ.૧૩,૭૦૦/- દક્ષાબેનને ચુકવવાની ના પાડતા તિલકવાડા કોર્ટના મ્યું.ફ.મેજી. એચ.એમ. પરમારે બળદેવને ૧૧૦ દિવસ કેદની સજાનો હુકમ કરતા પોલીસે બળદેવને જેલ ભેગો કર્યો હતો.

નકલી સીબીઆઈ ઓફિસ પાર્થ માંડલીયાની પોલીસે ધરપકડ કરી

અન્ય ગુનામાં પકડાયેલા આરોપી પાસેથી બોગસ સીબીઆઈ ઓફિસરનો આઈકાર્ડ મળી આવ્યો

સુરત

એનડીપીએસ એક્ટમાં ધરપકડ કરાયેલા જહાંગીરપુરા રાધેપાર્ક સોસાયટીના પાર્થ ગણેશ માંડલીયા પાસેથી સીબીઆઈના આઈપીએસ રેન્કના સિનિ. એડવાઈઝર ફાર્મા નામનો બોગસ આઈડેન્ટી કાર્ડ મળી આવ્યું હોવાથી જહાંગીરપુરા પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો દર્જ કર્યો હતો.

જહાંગીરપુરા પોલીસે આરોપી પાર્થ માંડલીયા પાસેથી સીબીઆઈ ઓફિસર તરીકેનો બોગસ આઈકાર્ડ જપ્ત કર્યો હતો. આ કાર્ડમાં ઈસ્યુ કરનાર અધિકારી તરીકે અલોકકુમાર વર્માની સહી હતી. આ કાર્ડ અમિષ પટેલ પાસે બનાવવામાં આવ્યું હતું. આરોપીએ બોગસ સીબીઆઈ ઓફિસર બનીને આ બોગસ આઈકાર્ડનો ખોટી રીતે ઉપયોગ કરતો હતો. આ અંગે આરોપી વિરૂદ્ધ વી.બી. દેસાઈએ ફરિયાદ દર્જ કરી હતી.

પોલીસે સીબીઆઈ ઓફિસર તરીકેના ખોટા કાર્ડમાં સહી કરનાર આલોકકુમાર વર્મા તથા બોગસ કાર્ડ ઈસ્યૂ કરનાર અમિષ પટેલની પણ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે અને આરોપી પાર્થ માંડલીયાએ બોગસ સીબીઆઈના કાર્ડનો કયા કયા સ્થળે દુરૂપયોગ કર્યો છે વગેરેની પણ જહાંગીરપુરા પોલીસ દ્વારા વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કડોદરાની સબમર્સિબલ પંપની દુકાનમાંથી રૂા.૬ લાખની ચોરી

ચોરી કરવા છ બુકાની ધારીઓ પીકઅપ વાન લઈને આવ્યા

સુરત

કડોદરા શિવ કોમ્પ્લેક્ષમાં આવેલ સબમર્સિબલ રીપેરિંગ દુકાનમાં મધરાત્રે પીકઅપ વાન લઈને આવેલા છ જેટલા બુકાનીધારી તસ્કરો દુકાનમાં સૂતેલા કર્મચારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી રોકડ રકમ તથા ઈલેક્ટ્રીક સામાન મળી કુલ રૂા.છ લાખની મતા ચોરી કરી નાસી છુટ્યાની ફરિયાદ કડોદરા પોલીસ મથકમાં નોંધાઈ છે.

જિલ્લા પોલીસ સૂત્રોથી પ્રાપ્ત માહિતી મુજબ કડોદરા જીઈબી સબ સ્ટેશનની બાજુમાં શિવ કોમ્પ્લેક્ષમાં અંબિકા સબમર્સિબલ પંપની દુકાનમાં ગત મધરાત્રે ત્રાટકેલા બુકાનીધારી છ અજાણ્યા શખ્સો દુકાનનું શટર તોડી દુકાનમાં સૂતેલા મર્કચારીને જાનથી મારી નાંખવાની હિન્દી ભાષામાં ધમકી આપી ડ્રોઅરમાં રાખેલા રોકડા રૂપિયા ૧૪ હજાર તથા દુકાનમાં રાખેલા સબ મર્સિબલ પંપ, મોટર રિવાઈન્ડિંગ માટેનો કોપર વાયર તથા અન્ય સરસામાન મળી કુલ રૂપિયા છ લાખની મતાનો સર સામાન પીકઅપ વાનમાં ભરી નાસી છુટ્યા હતા. આ બનાવ અંગે દુકાનમાં સુતેલા કર્મચારી શૈલેષે દુકાન માલિકને અન્ય કોઈના મોબાઈલ ફોન દ્વારા જાણ કરતા દુકાન માલિક અરવિંદ કાનજી પટેલ રહે. કામરેજ મદ્દા લક્ષ્મી સોસાયટી, મકાન નં.બી-૧૮ તેમના મિત્ર સાથે દુકાને ધસી ગયા હતા. આ બનાવ અંગે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકના અરવિંદ કાનજી પટેલે ફરિયાદ નોંધાવતા ગુનો દાખલ કરી ગુનાનો ભેદ ઉકેલવા પોલીસે આજુબાજુના સીસીટીવી ફુટેજ મેળવ્યા હતા. જેમાં સફેદ કલરની પીકઅપ વાનમાં છ જેટલા બુકાનીધારી શખ્સો કેદ થયા હોવાનું જાણવા મળે છે.




ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રાઁ

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦

શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪

શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯

શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬